કિંમત ₹ ૫/-

સળંગ અંક ૮૫ ● મે ૨૦૧૪

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે

## શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી - કચ્છમાં
## પ.પૂ.મોટા મહારાજશ્રીનો
## ૭૦મો પ્રાકટ્યોત્સવ





પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧


















૧.શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર માં બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી. ૨. પાટોત્સવ અભિષેકના દર્શન કરતા હરિભક્તોની ભીડ. ૩. રામનવમી - શ્રી હરિ પ્રાકટ્યોત્સવની શ્રી નરનારાયણદેવ સમક્ષ આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૪. કાલુપુર મંદિમાં હનુમાન જયંતી પ્રસંગે શ્રી હનુમાનજીના દર્શન.૫. રામ નવમીના સમૈયા પ્રસંગે અમદાવાદ મંદિરના પ્રસાદીના ચોકમાં પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં કીર્તન ભક્તિ કરતા આપણા ગાયક કલાકાર શ્રી જયેશભાઈ સોની તથા સંચાલન કરતા શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી.



# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૭ ● અંક : ૮૫**

**મે-૨૦૧૪**

**(મૂળ વર્ષ ૪૭)**





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. ગાદીવાળાશ્રી દ્વારા થયેલા સંપ્રદાય માટે મહત્વપૂર્ણ કાર્યો | ૦૬ |
| ૦૪. | માંડવી (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૭૦ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો | ૦૮ |
| ૦૫. | પોતાના અને બીજા અવતાર | ૦૯ |
| ૦૬. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું દિશા સૂચક આશીર્વચન | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૦૯. | ભક્તિ સુધા | ૧૯ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૩ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૪ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

અને તે ભગવાન છે તે જ આ દેહના પ્રવર્તાવનારા છે. તે ગમે તો દેહને હાથીએ બેસારો ને ગમે તો બંધીખાનામાં નંખાવો અને ગમે તો આ દેહમાં કોઈક મોટો રોગ પ્રેરો. પણ કોઈ દિવસ ભગવાન આગળ એવી પ્રાર્થના કરવી નથી જે, 'હે મહારાજ ! આ મારું દુઃખ છે તેને ટાળો.' શા માટે જે, આપણે પોતાના દેહને ભગવાનમાં ગમતામાં વર્તાવવો છે. તે જેમ એ ભગવાનનું ગમતું હોય તેમજ આપણને ગમે છે, પણ ભગવાનના ગમતા થકી પોતાનું ગમતું લેશમાત્ર પણ નોખું રાખવું નથી. અને આપણે જ્યારે તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઈચ્છા તેજ આપણું પ્રારબ્ધ છે. તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી. માટે ભગવાનની ઈચ્છાએ કરીને ગમે તેવું સુખ દુઃખ આવે તેમાં કોઈ રીતે અકળાઈ જવું નહીને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું. (ગ.અં. ૧૩)

અલૌકિક વાત સમજવા જેવી અને જીવનમાં ઉતારવા જેવી છે. આપણે આપણું ગમતું કરવું નહીં. જેમ આપણા ઈષ્ટદેવ સર્વોપરી શ્રીહરિ રાજી થાય તેમજ કરવું. તેમાં જ આપણું સુખ છે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (એપ્રિલ-૨૦૧૪)

૧ થી ૭ ન્યુઝીલેન્ડ ઓકલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ધૂડકોટ કથા પ્રસંગે પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર રજત શતાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ધનાળા (વેગડવાવ) (મૂળી દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કુકડીયા (ઈડર દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩ થી ૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર કેરા (કચ્છ) પધરામણી.

૧૬ થી ૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પાટોત્સવ પ્રસંગે અને માંડવી (કચ્છ) ખાતે પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૭૦ મો પ્રાકટ્યોત્સવ પોતાની અધ્યક્ષતામાં ઉજવાયો.

૧૯ થી ૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર રામપર (કચ્છ) અને ભુજ પધરામણી.

૨૧ થી ૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર સૂરજપર (કચ્છ) અને શ્રી સ્વામિનારાયણ મંદિર નાગલપુર (માંડવી-કચ્છ) પધરામણી.

૨૯ થી ૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોડપર (કચ્છ) પધરામણી.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

### (એપ્રિલ-૨૦૧૪)

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર રજત-શતાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૧૫ વિસનગર ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૭ થી ૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પાટોત્સવ પ્રસંગે અને પ.પૂ. મોટા મહારાજશ્રીના ૭૦ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯ સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મ શક્તિ બાપુનગર સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર બોરણા (મૂળી દેશ તા. લીંબડી) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮-૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોડપર (કચ્છ) પધરામણી.




# પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. ગાદીવાળાશ્રી દ્વારા થયેલા સંપ્રદાય માટે મહત્વપૂર્ણ કાર્યો

લે - યુવક મંડળ અને મહિલા મંડળ

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા છેલ્લા નવ વર્ષમાં કુલ ૧૮૦ મંદિર બનાવ્યા અને પ્રતિષ્ઠા કરી એવરેજ કાઢીએ તો એક વર્ષ માં ૨૦ મંદિર !!!!

જે ક્યારે આ સંપ્રદાયના ઈતિહાસમાં થયું નથી. આ લખવાનું એક જ કારણ છે કે ઘણા લોકોને એવું લાગતું હોય છે કે મહારાજશ્રી તો મંદિરમાં હોતા જ નથી. ઓફિસમાં મળતાંજ નથી. અરે જો રોજ ઓફિસ માં મળે તો ૧ વર્ષ માં દેશ વિદેશમાં ૧૮૦ મંદિર થયા હોત ?? શ્રીજી મહારાજે જે સંકલ્પ કર્યો હતો કે પાંદડે પાંદડે સ્વામિનારાયણનું નામ લખાશે. એ જ સંકલ્પ પૂ. મહારાજશ્રી પૂર્ણ કરી રહ્યા છે. એ પણ ગૃહસ્થ છે. પણ પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાને પણ સમય આપી શકતા નથી. કેમ ? આપણા માટે. તો પણ લોકો વાતો કરવાથી અટકાતા નથી. સતત વિચરણ કરતા હોય છે. રાત દિવસ જોયા વગર એટલે જ તો અત્યારે સત્સંગની એટલી પ્રગતિ થઈ છે જે ક્યારે નથી થઈ અને એ પણ છેલ્લા ૧૦ વર્ષમાં અને ૧૦ વર્ષથી જ નહિ પરંતુ તેઓશ્રી જ્યારે લાલજી મહારાજશ્રીના સ્વરૂપમાં હતા ત્યારથી વિચરે છે. રજત સુવર્ણ જયંતી વખતે સતત ૬ મહિના વિદેશ ભ્રમણ કર્યું કે ઉત્સવ સારી રીતે પૂર્ણ થાય. વિચાર કરો સતત ૬ મહિના ઘરથી દેશથી દૂર. મને યાદ છે પાછા આવ્યા ત્યારે વાળ અને દાઢી વધેલા હતા. કેમ કે રાત દિવસ સભા કરીને પ્રસંગ માટે ફંડ ભેગું કર્યું હતું. પૂ. મોટા મહારાજશ્રીનો સંકલ્પ હતું કે છપૈયામાં આરસનું મંદિર કરીએ. એના માટે પણ સતત વિચરણ કર્યું. અને મ્યુઝિયમ માટે રાત્રે બે-બે વાગ્યા સુધી કરસનભાઈ જોડે મિટિંગ કરીને નકશો બનાવ્યો અને દેશ વિદેશના મંદિરોમાં મ્યુઝિયમ માટે જ સભાઓ અને પધરામણી કરી. મહિનામા ત્રણ વખત વિદેશ જતા. જોવા જઈએ તો મ્યુઝિયમનું કાર્ય પૂર્ણ થયું ત્યાં સુધી ઘરે રહ્યાં જ નથી એવું કહીએ તો પણ ચાલે. અને મોટામા મોટી વસ્તુ એ છે કે આ બધું મૌન રહીને કર્યું.

ક્યારે પોતાના મુખથી ન કીધું કે હું આટલું બધું વિચરણ શા માટે કરું છું. જે કરે છે જાહેરમાં નથી કહેતા એ જ એમની મોટી મહાનતા છે. બધાના સંકલ્પો પૂર્ણ કરે છે પણ ક્યારે ઉલ્લેખ નથી કરતા અને કરવા પણ નથી દેતા. આપણી જે ટર્ફ સ્કુલ છે એ તો ચાર મહિના માં જ



બની ગઈ હતી. એ પણ પૂ. મહારાજશ્રી દ્વારા જ બનાવવામાં આવી છે. સ્કૂલ હોય કે મંદિરના ઉતારા હોય, બધું કાર્ય કરાવે છે પણ ક્યારે પોતાનું નામ નથી લખાવતા. કાયમ મોટા મહારાજશ્રીનું જ નામ હોય. કાયમ કહે છે કાર્ય પૂર્ણ થવું આવશ્યક છે નામ મહત્વનું નથી - કેવી નિર્મળતા છે. આ બધું એટલે લખું છું કે જે લોકોને હકીકત ખબર નથી એ જાણે. અને દુઃખ થાય છે કે રોજના આવવા વાળા ચુસ્ત સત્સંગી જ વાતો કરે છે કે જ્યારે જુઓ ત્યારે ઓફિસમાં હસતા જ હોય છે, જોરથી હસે છે અરે જોવો તો ખરા કે હસતા હસતા કેટલું કાર્ય કરી દે છે. દોડતા-દોડતા થાક નહી લાગતો હોય ? તો પણ કંઈ મુખ ઉપર આવવા દેતા નથી.

હવે વાત કરીએ આપણા પૂ. ગાદીવાળાશ્રીની એમના

દ્વારા પણ ઐતિહાસિક કાર્યો થયા છે. આજ સુધી ક્યારે પણ ગામોમાં બહેનોની સભા થઈ જ ન હોતી. એમને ગામો ગામ સત્સંગ સભા શરૂ કરાવી. સત્સંગી બહેનોનું ગ્રુપ બનાવીને એરિયા પ્રમાણે ગામડાઓમાં સભા કરવાની આજ્ઞા કરી. પોતે પણ ગામો ગામ જાય છે. અને એ સભાઓ એક જ વાર માટે નહી આજીવન ચાલુ જ રહેવાની છે. શિબિરો રાખે છે. એકાદશીની કાયમી સભા બહેનો માટે હવેલીમાં શરૂ કરી છેલ્લા સાત વર્ષથી જે અવિરત ચાલે છે. દરેક પ્રબોધની એકાદશી રાત્રે દસથી સવારે પાંચ સુધી જાગરણ રાખે છે. એટલી બધી વ્યસ્તતા છતાંય અચૂક હાજરી આપે છે. પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજાને પણ ક્યારે એકલા નથી મૂકતા. એવી રીતે ટાઈમ મેનેજમેન્ટ કરે છે કે ઘર અને સત્સંગ બે સચવાઈ જાય છે. નવાઈ લાગે છે જોઈને કે એક જ દિવસમાં કચ્છ જાઈને પાછા આવી જાય છે. એમને થાક નહીં લાગતું હોય ??? પણ એમનું કહેવું છે કે આ ગાદી રોજ શ્રૃંગાર સજી ને બેસવા માટે નથી. કાર્ય કરવું પડે છે. મહારાજે જેના માટે આ ગાદી પરંપરા બનાવી છે એના અમુક સિદ્ધાંતો છે, જવાબદારી છે જે પૂરી કરવી પડે છે. કાયમ હસતું મોઢુ જોઈ ને જ શાંતિ મળી જાય છે, એવું બહેનો કહે છે.

સભા સિવાય બીજા અનેક કાર્યો છે જે ઐતિહાસિક કહી શકાય છે. છપૈયામાં નારાયણ સરોવરની આરતી શરૂ કરાવી. કહ્યું કે જ્યારે ગંગાજી અને જમનાજીની નિયમિત આરતી થાય છે ત્યારે નારાયણ સરોવરની કેમ નહીં ?? નારાયણ સરોવર તુલ્ય તો કોઈ પણ નથી. ત્યાંના મહંત સ્વામી ગાદીવાળાની વાતનું માન રાખીને નિયમિત પણે નારાયણ સરોવરની આરતી શરૂ કરી દીધી છે. હવેલીમાં સાંખ્યયોગી બાઈઓએ ક્યારે પણ વ્યાસપીઠ ઉપર કથા કરી નહોતી. એમને પણ કથા કરવા પ્રેરિત કર્યા. બાઈઓ અચકાતા હતા કે ક્યારે કર્યું નથી કેવી રીતે કરશું. પણ એવું પ્રોત્સાહન આપ્યું કે હવેલીના સાંખ્યયોગી બાઈઓ કથાઓ અને સભાઓ કરાવવા લાગ્યા. બહેનોનું સત્સંગ કલ્પના ના થાય એટલું વિકાસ પામ્યું છે. એક પ્રસંગ સાંભળ્યું છે જેનું ઉલ્લેખ કરવા માંગુ છું. એક વખત ગાદીવાળા એક બહેનના ઘેર પધરામણી ગયા. બહેને કહ્યું કે કાપડ ઉપર આપના ચરણારવિંદની છાપ આપો. ગાદીવાળા તો એકદમ આશ્ચર્યથી જોવા લાગ્યા કે આ શું ??? ના પાડી. ગાદીવાળા વિનમ્રતાથી બોલ્યા કે - ચરણારવિંદ ફક્ત આપણા ભગવાનના હોય - હું ભગવાન નથી. મારા ચરણની છાપ પૂજામા રાખશો તો મને પાપમાં નાખશો - મહારાજે આ ગાદી ઉપર નરનારાયણદેવ ઓળખાવા માટે મોકલ્યા છે પોતાની પૂજા કરાવા માટે નહી. સિંહાસનમાં માત્રને માત્ર ઈષ્ટદેવની મૂર્તિ અને ઈષ્ટદેવના જ ચરણારવિંદ હોવા જોઈએ - બીજું કંઈ નહી - સાંભળીને બહેનને થોડુંક ન ગમયું. પણ પાછળથી થયુ કે ગાદીવાળાએ સત્યજ કહ્યું છે. - એ રીતે પૂજામાં ભગવાન સિવાયની બીજી ચરણ છાપ રાખવાની પ્રથા બંધ કરી. એમનું ઉદ્દેશ્ય માત્રને માત્ર સાચા સિદ્ધાન્તોને સામે લાવવાનો છે. પોતાના પ્રવચનોમા કાયમ રોજ એક ગરીબ અને જરૂરતમંદની મદદ કરવાનો આગ્રહ રાખે છે. એમના મત પ્રમાણે પહેલા માણસ બનો પછી ભક્ત બનો. માણસાઈ વગરનું ભગતપણું નકામુ છે. સો માળા કરો અને મન વાણી કર્મથી જીવ ને દુ:ખી કરતા હોય તે એવી માળા વ્યર્થ છે. ગાદીવાળા વિષે જે કંઈ જોયું સાંભળ્યું અને અનુભવ્યું છે એ લખ્યું છે. કારણ કે એમનું લાભ તો બહેનોને જ મળે છે. ગાદીવાળાશ્રી સાંખ્યયોગી બાઈઓનું પણ ખૂબજ ધ્યાન રાખે છે. અત્યાર સુધી બાઈઓને જ્યાં જાવું હોય ત્યાં રીક્ષામાં જતા હતા પણ ગાદીવાળાએ બાઈઓ માટે મંદિરમાં એક ગાડીજ સ્પેશ્યલ રખાવી દીધી છે. એ કહે છે કે બાઈઓ રિક્ષામાં જાય એ સારુ નથી લાગતુ. પોતાનું ઘર મૂકીને ત્યાગ લીધો છે તો આ જવાબદારી અમારી છે કે એમનું ધ્યાન રાખીએ. એટલી બધી ઉદારતા, પોતાપણું, નિખાલસતા તો પણ કંઈ સારુ કર્યા હોવાનું જરાય અભિમાન નહીં. શ્રી નરનારાયણદેવ જયંતીના દિવસે ફુલ દોલોત્સવ શરૂ કરાવ્યો, છેલ્લા કેટલાય સમયથી બંધ હતો.

આ બધું લખવાનું કારણ એક જ છે કે પ.પૂ. મહારાજશ્રી અને ગાદીવાળા ક્યારે પણ જાહેર થવા દેતા નથી પોતાના કરેલા કાર્યો. પણ મારા મત પ્રમાણે સત્સંગી માત્રને જાણવું જોઈએ કે આપણા માટે કેટલું કરી રહ્યા છે. ધન્યતા અનુભવી જોઈએ કે છેલ્લા ૧૦ વર્ષથી આવા સરળ અને નિખાલસ મહારાજશ્રી અને ગાદીવાળાનું સાનિધ્ય મળે છે. તો આવો સમસ્ત સત્સંગી તરફથી એમને ધન્યવાદ આપીએ અને આશીર્વાદ માંગીએ. બન્ને જણાને પોતાના વખાણ નથી ગમતા. તેઓ જાણશે ત્યારે ઠપકો મળશે. તેમ છતાં પણ સત્સંગ સમાજના રાજીપા સારુ આ વિગતોનો મેં કિંચિતમાત્રનો અત્રે ઉલ્લેખ કર્યો છે.

શ્રી સ્વામિનારાયણ

# માંડવી (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીનો ૭૦ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો.


બ્ર. સ્વા. રાજેશ્વરાનંદ (શ્રી નરનારાયણદેવના પૂજારી)

સમગ્ર કચ્છનો સત્સંગ આજે આનંદના હિલોળે ચડ્યો હતો. ચૈત્ર વદ-૩ ત્રીજનો મંગલદિન ના આજે સૂર્યનારાયણદેવ પણ પોતાના પ્રકોપને ભૂલીને કચ્છની ભૂમિને શિતળતા બક્ષતા હતા. દેવોએ પણ આજે દંદુભી વગાડીને શ્રીહરિના આ દ્દશ્ય અપર સ્વરૂપને વધાવવા હોડ લગાવતા ન હોય તેમ કચ્છનું આપણું માંડવીનું શ્રી સ્વામિનારાયણ મંદિર લાખો ભક્તોની ભીડથી ધમધમી ઉઠ્યું હતું ! સમગ્ર ધર્મકુળની નિશ્રામાં અને ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા પાર્ષદ જાદવજી ભગત તથા પૂજ્ય વડીલ સંતોના માર્ગદર્શનથી સ્વામી દેવપ્રકાશદાસજી તથા માંડવી મહંત સ્વામીનો અનેરો ઉત્સાહથી તથા યુવા સંતોએ અને યુવા હરિભક્તોએ પોતાના પ્રાણપ્યારા પ.પૂ. મોટા મહારાજશ્રીના ૭૦ માં પ્રાકટ્યોત્સવને ઉજવવામાં કોઈ કચાશ નહોતી રાખી. આજ તો ભુજના સંતો અને હરિભક્તોની ધર્મકુળ પ્રત્યેની અનહદ નિષ્ઠા બતાવે છે ! માંડવી મંદિરના વિશાળ સુંદર સુશોભિત દેદિપ્યમાન દેવોને પણ દુર્લભ એવી અક્ષરધામ તુલ્ય સભામંડપના ઉદ્દ્ઘાટન પ્રસંગે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો બિરાજમાન થયા હતા. યુવાન સંતો તથા યુવક મંડળ તથા હરિભક્તો દ્વારા ૭૦ ફૂટ લાંબો સુગંધીમાન પુષ્પોનો સુંદર હાર પહેરાવીને પોતાના આ ધર્મવંશી આચાર્યને વધાવ્યા હતા. ત્યારબાદ સંત-હરિભક્તો દ્વારા આરતી પૂજન-સ્વસ્તી વાચન થયું હતું. ત્યારબાદ ન્યુયોર્કના પ.ભ. ઉદય ગોસલીયા પરિવાર દ્વારા સૌજન્ય અને શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ તરફથી પ્રકાશિત શ્રી જનમંગલ સ્તોત્રની સીડીનું વિમોચન પ.પૂ. મોટા મહારાજશ્રીએ કર્યું હતું. પૂજનીય સંતોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના બાલ્યાવસ્થાથી લઈ અત્યાર સુધીના પ્રસંગોને વિવિધ રીતે રજુ કરી દેખાડ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી ગાદી પદ પરથી નિવૃત થયા છતાં પણ તેમના પ્રત્યે ભક્તોને અને તેઓશ્રીને ભક્તો પ્રત્યે એટલોને એટલો જ લગાવ-પ્રેમ રહ્યો છે. તે આજના પ્રસંગમાં જોવા મળ્યું. પ.પૂ. મોટા મહારાજશ્રીને કચ્છના હરિભક્તો તરફથી જે ચરણ ભેટ આવી હતી તે તમામ ચરણ ભેટ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં અર્પણ કરી દીધી. આ શ્રી નરનારાયણદેવ પીઠના આચાર્યશ્રીઓની નિઃસ્પૃતા ! ઉદારતા ! તેઓશ્રીના ચરણોમાં કોટી કોટી દંડવત પ્રણામ.

સમગ્ર મહોત્સવનું સભા સંચાલન ઉત્તમપ્રિયદાસજી સ્વામીએ પોતાની આગવી શૈલીમાં સંચાલન કરીને અનેરો ઉત્સાહ ઉત્પન્ન કરાવ્યો હતો.

બહેનોને પણ કેમ ભૂલાય ! પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજા બહેનોના અતિ આગ્રહ ભર્યા આમંત્રણથી પધાર્યા હતા અને બહેનોને ખૂબજ દર્શનનું સુખ આપી રાજી કર્યા હતા. કચ્છનો ચોવીસ ગામનો સત્સંગ દેશ-વિદેશથી અહીં ઉપસ્થિત રહીને સમગ્ર પ્રસંગને માણ્યો હતો. નવા આગતુંગને એમ લાગે કે આ લાખોનો મહેરામણ કેટલા ઉત્સાહ પ્રેમથી અહીં ઉમટ્યો છે કેટલી અતૂટ શ્રધ્ધા અહીં જોવા મળી. અહીં પબ્લીસીટી નહોતી ! કોઈનો પ્રચાર પ્રસાર નહોતો ! અહીં તો ભગવાનના જ અપર સ્વરૂપોના દર્શનને માણવા એટલો માનવ મહેરામણ મનની ઈચ્છાથી આવ્યો હતો. તમામ ભક્તોને શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપે આશીર્વાદનો ધોધ વરસાવીને કચ્છની ધીંગા ધરતીના સુપુતોની ધર્મકુળ પ્રત્યેની નિષ્ઠા ને પ્રસન્ન ચિત્તે બિરદાવી ! ધન્ય છે આવા કચ્છના વિરલ સંતો-ભક્તોને.

આ પ્રસંગે અમદાવાદ નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા કોટેશ્વર ગુરુકુળ સંચાલક કથાકાર શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી તથા અમદાવાદ મંદિરના કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી યોગેશ્વરદાસજી સ્વામી તથા જયવલ્લભદાસજી તથા આદિ સંતવૃંદ પધારેલા હતા.



# પોતાના અને બીજા અવતાર

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
(જેતલપુરધામ)

ગઢડા મધ્ય **પ્રકરણ ૯** માં વચનામૃતમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં પ્રસાદીનાં વચન છે કે; ''લ્યો પરમેશ્વરની વાર્તા કરીએ. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે જ્ઞાનમાર્ગ એવો સમજવો કોઈ કાળે કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ. અને કોઈ કાળે ભગવાનના વચનનો લાપ થતો હોય તો તેની ચિંતા નહિ પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહિ. અને જો ભગવાનનું વચન કાંઈ લોપાયુ હોય તો ભગવાનની પ્રાર્થના કર્યાથી છુટકો થાય પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો, તો તેનો કોઈ કાળે છુટકો થાય નહીં.''

''પોતાને સાક્ષાત્ મળ્યુ જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિને **સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું**. અને જો એમ ન જાણે ને **નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.**

સાકાર નિરાકારની વાત સરળ છે એટલે તુરત સમજાય. પરંતુ ''બીજા અવતાર જેવા જાણે.'' એ વાત ઘણી ગહન અને તાત્વિક છે. ઘણા મુમુક્ષુઓને આ વચનમાં ઘેડ્ય ન બેસે તો કંઈને બદલે કંઈ સમજાય તો ભગવાન અને ભગવાનના અવતારોનો દ્રોહ થાય. અને એવા દ્રોહમાં ફસાઈ જાય કે તેમાંથી બહાર નિકળી જ ના શકે. તથા સંપ્રદાયના મંદિરો, મૂર્તિયો, ઉત્સવો, વ્રતો, શિક્ષાપત્રી, વચનામૃતના વચનો, મંત્ર દીક્ષા, ગુરુ મંત્ર વિગેરેમાંથી શ્રધ્ધા વિશ્વાસ ઉઠી જાય. એવા પ્રકારની દ્વિધા ઉત્પન્ન થાય છે કે તેનો કોઈ કાળે સરવાળો થાય જ નહિ. અને સત્સંગના પ્રવાહમાંથી બહાર નિકળીને ક્યાંય નાના નાના ટૂકડાઓમાં વહેંચાય છે. વળી ભજન સેવા સત્સંગને બદલે દ્રોહના પર્વતો બનાવીને યુક્તિએ કરીને સર્વાવતારી શ્રીહરિનો ડગલે પગલે દ્રોહ કરે.

હવે આપણે બીજા અવતાર જેવા ન જાણવા તે વાત કરીએ તો શબ્દ બહુજ સ્પષ્ટ છે. **''બીજા અવતાર.''** પોતાના અવતાર અને બીજા અવતાર બે વ્યાખ્યા અહીં સ્પષ્ટ થઈ. અવતાર શબ્દનો માત્ર પ્રયોગ નથી. બીજા અવતાર શબ્દ વાપર્યો છે. સર્વ પ્રથમ પોતાના અવતાર અને બીજા અવતારની વ્યાખ્યા વચનામૃતમાંથી જાણવી જોઈએ. બહુ મોટા મોટા તત્વચિંતકો, જ્ઞાનીઓ, શાસ્ત્રીઓ, પુરાણીઓ, ધ્યાનીઓ જે વાતમાં ગુંચવાઈ ગયા છે. તેનો જવાબ સર્વાવતારી શ્રીજી મહારાજ **ગઢડા મધ્ય પ્રકરણ-૩૧** માં વચનામૃતમાં પોતાના અવતાર અને બીજા અવતારની બહુજ સરસ સરલ સ્પષ્ટતા કરી છે. **૩૧ મું સમજાય તો જ ૯ મું સમજાય.** મધ્યના ૩૧ માં બીજા અવતાર તરીકે ''વિરાટ'' ને કહ્યાં છે. વિરાટમાં વાસુદેવનો પ્રવેશ થયો તેથી વિરાટ નારાયણ થયા ને એ

વિરાટ પુરુષ પોતાની ક્રિયાને વિષે સમર્થ થયા. સૃષ્ટિના કાર્યે અર્થે વિરાટ, સંકર્ષણ, અનિરુધ્ધ, પ્રદ્યુમ્નાદિ ત્રણ ગુણ સહિત જે સ્વરૂપ છે તે વાસુદેવ ભગવાનના સગુણ સ્વરૂપ છે. ને તેની ઉપાસનાને બળે કરીને એ વૈરાજ પુરુષ જે તે ઉત્પત્તિ સ્થિતિને પ્રલય રૂપે ક્રિયાને વિષે સામર્થીને પામે છે. જેમ આ જીવ છે તે બ્રહ્માદિ દેવ રૂપે ભગવાનની ઉપાસના કરે છે ત્યારે ધર્મ અર્થ કામ મોક્ષ ફળને પામે છે અને જ્યારે ભગવાનના અવતાર જે રામ કૃષ્ણાદિક તેની ઉપાસના કરે ત્યારે બ્રહ્મરૂપ થાય ને એની મુક્તિ થાય, તેમ એ વિરાજ પુરુષને પણ છે. તો વિરાટ આદિમાં ભગવાન વાસુદેવનો પ્રવેશ થયો હોવાથી બીજા અવતાર કહેવાય. **મધ્યના ૩૧** માં પોતાના અવતાર અને બીજા અવતારને સ્પષ્ટ વ્યાખ્યા ઉત્પત્તિ આદિની વિગતી કહીને કરી છે. હવે પોતાના અને બીજા અવતારની વિગત સંક્ષેપમાં અન્ય વચનામૃતોમાં શ્રીજી મહારાજના પ્રસાદીના વચનોનો જાણીએ જે;

**વડતાલ ૨ જા માં** - રામકૃષ્ણાદિક રૂપ ધારે છે અને ચતુર્વ્યુહ રૂપે વર્તે છે. એટલે રામકૃષ્ણાદિ પોતાના અવતારો વિરાટાદિ ચતુર્વ્યહ બીજા અવતારો એકમાં ધારણ કરે છે. અને બીજામાં વર્તે છે એવો શબ્દ કહ્યો છે. વળી ચતુર્વ્યહની વાત **ગ.પ્ર. ૬૬ તથા ૬૩ તથા ૭૮ માં પણ કરી છે. ગ.અં. ૧૬** માં કહ્યું કે, ઈષ્ટદેવના બીજા અવતાર હોય તેની સંગાથે પ્રીતિ થાય નહિ. **ગ.પ્ર. ૬૩** માં વિરાટાદિ માં પ્રવેશ કરીને તે તે રૂપે થાય છે. **ગ.પ્ર. ૩૩** માં અક્ષર પુરુષ પ્રકૃતિ વિરાટ રૂપે બ્રહ્માદિક પ્રજાપતિરૂપે, નારદ સનકાદિક રૂપે વર્તે છે. **ગ.પ્ર. ૪૧** માં અક્ષરને પુરુષ પ્રકૃતિ આદિ સર્વેને વિષે પુરુષોત્તમ ભગવાન અન્તર્યામી રૂપે સર્વને વિષે પ્રવેશ કરીને રહ્યા છે.

**ગ.પ્ર. ૭ માં પુરુષોત્તમ**, અક્ષર, માયા, ઈશ્વર, જીવ પાંચ ભેદ તે અનાદિ છે. **ગ.પ્ર. ૮** માં રામકૃષ્ણાદિક રૂપે કરીને જીવના કલ્યાણને અર્થે પ્રવર્તે છે. **ગ.પ્ર. ૫૨** માં એક જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ છે તે જ ચતુર્વ્યહરૂપે થાય છે અને પૃથ્વીને વિષે અવતારનું ધારણ કરે છે. તેને વિષે નવ પ્રકારની ભક્તિને કરે છે તેનું કલ્યાણ થાય છે. અહી પોતાના અને બીજા અવતારને અલગ કહ્યા. **ગ.પ્ર. ૭૧** માં પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે એ પ્રગટ થાય છે. ॥ **ગ.પ્ર. ૭૪** બીજા અવતાર કરતાં આપણા પતિ જે નરનારાયણ તે તો અત્યન્ત ત્યાગી છે. જીવના કલ્યાણને અર્થે તપકરે છે. નરનારાયણ તો સાક્ષાત્ ભગવાન છે. ॥

**ગ.પ્ર. ૭૮** માં ચતુર્વ્યહ તથા કેશવાદિ ચોવીશ મૂર્તિયો તથા વરાહાદિક જે અવતાર એ અલગ અલગ કહ્યાં છે.

**લો. ૪** માં પોતે તો સદા દ્વિભૂજ છે તો પણ જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે તથા મચ્છકચ્છાદિક રૂપે કરીને ભાસે છે.

**લો. ૭** માં બહુજ સ્પષ્ટ બે પ્રકારના અવતારોનું નિરૂપણ છે કે, જગતની ઉત્પત્તિ અર્થે અનિરૂદ્ધ સ્વરૂપ સંકર્ષણ રૂપે સંહાર પ્રદ્યુમન રૂપે સ્થિતિ કરે છે તથા મચ્છકચ્છાદિક અવતાર ધારણ કરે છે. એટલે અનિરૂદ્ધાદિ બીજા અવતાર અને મચ્છકચ્છાદિ પોતાના અવતાર એમ અર્થ થયો. રામકૃષ્ણાદિ તો બ્રહ્મરૂપ એવો જે હું તે મારી લહેરી છે, એવા બ્રહ્મકુદાળ આધુનિક વેદાંતી તે તો અતિ દુષ્ટ છે ને મહાપાપી છે. અને મરીને નરકમાં પડે છે. (એટલે રામકૃષ્ણાદિક અવતારોને વેદાંતીઓ ભગવાન માનતા નથી). **લો. ૯** માં રામકૃષ્ણાદિક જે ભગવાનના અવતાર તેની જે કથાઓ તેને હેતે કરીને સાંભળે, તો ભક્તિ ઉપજે.

**લો. ૧૧** માં પુરુષોત્તમ નારાયણ વિના બીજા જે શિવ બ્રહ્માદિક દેવતા તેનું ધ્યાન મોક્ષને ઈચ્છતો હોય તેને કરવું નહિ પણ પુરુષોત્તમ નારાયણની રામકૃષ્ણાદિક મૂર્તિઓ તેનું ધ્યાન કરવું. **લો. ૧૪** માં પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય આકાર થકા બિરાજમાન છે ને સર્વે જે અવતાર તે તેના છે એવા જે પુરુષોતમત નારાયણ તેની ઉપાસના જીવને કરવી.

**લો. ૧૮** માં તે જ ભગવાન મત્સ્યકચ્છાદિક તથા રામકૃષ્ણાદિક રૂપને કોઈ કાર્યને અર્થે ધારણ કરે છે, ને અનંત શક્તિ સહિત મચ્છ કચ્છાદિક રૂપને ધારણ કરે છે.

**પં. ૨ માં** સર્વથી પર જે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તે જ વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અનિરુદ્ધ રૂપે થાય છે તથા રામકૃષ્ણાદિક અવતારનું ગ્રહણ કરે છે. (અહીં પણ વાસુદેવાદિક અને રામકૃષ્ણાદિકને અલગ કહ્યા.)

**પં. ૪** માં બ્રહ્મા, વિષ્ણુ, શિવ તે ભગવાન પુરુષોત્તમને ભજે છે ને આજ્ઞામાં વર્તે છે. **પં. ૭** માં એ જે પુરુષોત્તમ નારાયણ કોઈ કાર્યને અર્થે પુરુષ, વિરાટ, બ્રહ્માદિક નારદ સનકાદિકમાં ભગવાનનો પ્રવેશ થાય છે. અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક મૂર્તિયોને ધારણ કરે છે.

**ગ.મ. ૧૪** માં અક્ષરાતીત જે પુરુષોત્તમ છે તે જ સર્વે અવતારનું કારણ છે. અને સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. તે જ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગયુગને વિષે પ્રગટ થાય છે. **ગ.મ. ૪૨** પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ બ્રહ્માડં પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા પ્રકાશે છે.॥

**ગ.મ. ૬૫** જીવના કલ્યાણને અર્થે ભગવાનના રામકૃષ્ણાદિક જે અવતાર થાય છે. ॥ **અમદાવાદ-૪** શ્રી પુરુષોત્તમ નારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે શ્રી નરનારાયણદેવ રૂપે પ્રગટ થઈને બદરીકાશ્રમને વિષે તપ કરે છે. તે નરનારાયણ પૃથ્વીને વિષે કોઈક કાર્યને અર્થે મત્સ્ય કચ્છ વરાહ વામન રામકૃષ્ણાદિક જે દેહ તેને ગ્રહણ કરીને અને તે પોતાને દેહે કરીને અન્ય જીવના દેહાભિમાનનો ત્યાગ કરાવીને અને બ્રહ્મઅભિમાનને ગ્રહણ કરાવીને પોતાના દેહને અને અન્ય જીવના દેહને સમ દેખાડે છે. ॥ નરનારાયણ સર્વે અવતારના કારણ છે. ॥ **અમદાવાદ-૬.**

આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે પોતે અવતારી છે. સર્વે અવતારના કારણ છે. એમ સમજે તો નિશ્ચય ડગે નહિ. તે માટે આ શ્રી નરનારાયણને અમે અમારુ રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વથી પ્રથમ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. માટે આ નરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ. ને બ્રહ્મધામના નિવાસી એજ છે. **અમદાવાદ-૭** પ્રત્યક્ષ શ્રી નરનારાયણ તેને ગણવા જ નહિ એવો અહંકાર આવવા દેવો નહિ, ને એમ જાણવુ જે શ્રી નરનારાયણની કરુણાએ કરીને મોટપ પામ્યો છું.

**અસલાલી-૧** માં રામકૃષ્ણાદિક ભગવાનના અનંત અવતાર તેને તો એ સર્વે અંશે કરીને જાણે છે એ જ એમને મોટી ભૂલ છે.

**જેતલપુર-૫** માં અમે વારેવાર શ્રી નરનારાયણદેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એ જ હારદ છે જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રી નરનારાયણ તે જ આ સભામાં નિત્ય બિરાજે છે. તે સારુ અમે અમારુ રૂપ જાણીને લાખો રૂપિયા ખરચ કરીને શિખરબધ્ધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રી નરનારાયણની મૂર્તિયુ પ્રથમ પધરાવી છે. **ગ.અંત્ય. ૩૧** માં ભગવાનનું ધામ તેને વિષે જે પુરુષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે ને તે આકૃતિમાંથી એ પોતે ભગવાન અવતાર ધારે છે. **ગ.અંત્ય ૩૬** પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિક સાકાર મૂર્તિ સમજવા ને તેના જ સર્વે અવતાર છે એમ સમજીને તે પ્રત્યક્ષ ભગવાનનો જે તે આશ્રય કરવો એ કલ્યાણનું અસાધારણ સાધન છે. **ગ.અંત્ય. ૩૮** પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિકના સર્વેના નિયંતા છે. ઈશ્વરના ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે. ને સર્વોપરિ વર્તે છે ને અવતારના અવતારી છે. આ ભગવાનના પૂર્વે ઘણાક અવતાર થયા છે તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.

આ સર્વ પ્રમાણો સહિત એક વાતની સ્પષ્ટ દઢતા થાય છે કે, વિરાટાદિ જે સૃષ્ટિના કાર્યને અર્થે જે અવતાર કહેવાયા તે બીજા અવતારની સંજ્ઞા જાણવી અને રામકૃષ્ણાદિક જે અવતારો છે તે પોતાના અવતારો જાણવા એટલે વિરાટાદિ અવતારો જેવા જાણવાથી ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય છે. પોતાના અવતારો જાણીને શ્રીજી મહારાજે નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિ અવતાર સ્વરૂપોની સ્વહસ્તે સ્થાપના કરી છે. ગુરુમંત્ર દીક્ષા, જન્માષ્ટમી આદિ વ્રતોત્સવોના સમૈયા ઉત્સવ બાંધ્યા. માટે **ગ.મ. ૯** માં બીજા અવતાર જેવા જાણવાના વચનનો ઓથ લઈને આપણા મંદિરોમાં સ્થાપના કરેલા નરનારાયણ લક્ષ્મીનારાયણ આદિ સ્વરૂપનો દ્રોહ કરવો નહિ. કેમ કે **સર્વોપરિનો ગૂઢ સંકલ્પ સર્વોપરિ જ હોય. વચનામૃતથી શ્રેષ્ઠ અન્ય કોઈ પ્રમાણ માનવા નહિ.**

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું દિશા સૂચક આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**એપ્રોચ (બાપુનગર) મંદિરનો પાટોત્સવ તા. ૮-૩-૨૦૧૪ :** ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા થઈ તેને જોત જોતામાં ૯ વર્ષ વીતિ ગયા. આ દરમિયાન કેટકેટલા લોકો મંદિરના યોગમાં આવ્યા. દર્શનથી સેવાથી સૌનું રૂડું થાય છે. એ માટે જ મહારાજે ત્યાગનો પક્ષ મોળો કરી મંદિરો કરાવ્યા છે. ઉપાસના ચોખ્ખી રહે એ માટે મહારાજે મંદિરો કરાવ્યા છે. ઉપાસનાની બાબતમાં આજકાલ લોકો પોતાની બુદ્ધિને આગળ કરીને અન્યને પણ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરતા હોય છે. શિક્ષાપત્રી કે વચનામૃતમાં મહારાજે લખેલી કે કહેલી વાત ઉપર પોતાની વાત લાવીને, અવળા અર્થઘટન કરીને તેઓ કહેતા હોય છે કે મહારાજ સર્વોપરી ખરા પરંતુ નરનારાયણ કે લક્ષ્મીનારાયણ કે ગોપીનાથજી મહારાજ એ શ્રીજી મહારાજ કરતા જુદા છે. નરનારાયણને માનવાથી તો બદ્રિકાશ્રમમાં જ જવાય અને તેવી રીતે અન્ય સ્વરૂપોને માનવાથી જે તે બીજા ધામમાં જવાય પરંતુ અક્ષરધામમાં ન જવાય. **આવું જે ડહાપણ ડોળે છે તેને પોતાને નર્કમાં છેલ્લા ખૂણા સુધી પણ જગ્યા મળવાની નથી.** આવા લોકો પાછા મફતમાં કેસેટો પણ વહેંચતા હોય છે. મફતમાં મળે એટલે લોકોને બહુ સારું લાગે. પરંતુ મફતમાં મળેં એ બધુ હંમેશા સારું જ નથી હોતું. ઘણાને એમ થાય કે લાવો સાંભળીએ તો ખરા. અલ્યા ભાઈ ! એવું સાંભળવામાં કંઈ ફાયદો નથી. શિક્ષાપત્રી અને વચનામૃત મહારાજની પરાવાણી છે. એનાથી બહાર જે નવું કરવા જાય તો તેવા લોકોથી દરેકે ચેતી જવું જોઈએ. વચનામૃતમાં આપણને વધારે સમજણ ન પડે તો પરંપરા જાળવી રાખીએ એ ઘણું છે. એક ભાઈ તો અમારી પાસે આવીને ડહાપણ ડોળતા હતા કે મહારાજ વખતે સમય-સંજોગો એવા હતા કે મહારાજ કંઈ કરી શકે તેમ નહોતા. મહારાજ સર્વોપરી ખરા પરંતુ પરિસ્થિતિને વશ અન્ય સ્વરૂપો પધરાવવા પડ્યા. અમે કહ્યું કે મહારાજ ન કરી શક્યા તો તમારે કરી દેવું જોઈએ.'' મહારાજે પોતાનું સ્વરૂપ જાણીને જ શ્રી નરનારાયણદિક દેવો પધરાવ્યા છે. માળા તો આપણે સ્વામિનારાયણ' નામની જ કરીએ છીએ. ક્યાં કોઈ નરનારાયણ કે લક્ષ્મીનારાયણ નામની



માળા કરે છે ? પરંતુ મહારાજે પધરાવેલા દેવોમાં પ્રેમ, ભક્તિ અને નિષ્ઠા હોય એ જ સાચી ઉપાસના છે.

આપણે મહારાજ પાસે માગીએ તો શું માગીએ ? ધન, સંપત્તિ, પુત્ર આદિક, વાંધો નહી માગજો. છૂટ છે. બીજા પાસે માગવું તેના કરતા મહારાજ પાસે માગવું ઉત્તમ છે. એક ભાઈ તો એમ કહેતા હતા કે હું જ્યારે દર્શન કરવા જઉં ત્યારે મહારાજ પાસે એક લાખ રૂપિયા માગુ છું. અમે કહ્યું કે તમે ગરીબ છો. લાખ શા માટે ? કરોડ માગી લેવા. માગવું જ છે પછી શા માટે ઓછું માગવું ? કરોડ માગ્યા હોય તો ન માગ્યા હોય તો ન કરે નારાયણ ને મિટિંગ થઈ જાય અને કદાચ મહારાજ આપી દે તો તમારું તો કામ થઈ જાય. મહારાજ પાસે માગવાની સાચી વસ્તુ એ છે કે હે મહારાજ ! કુસંગ થકી અમારી રક્ષા કરજો. આ કુસંગમાં દસ ઈન્દ્રિયો અને અગિયારમું મન એ ખરા કુસંગી છે. મન ઈન્દ્રિયોનો કુસંગ તે શું ? તો ભગવાનમાં મન પરોવાય નહી અને ઈન્દ્રિયો આમ તેમ ભટકતી રહે. આ સાંભળવું છે, તે જોવું છે, ત્યાં જવું છે વગેરે વગેરે... તેમાંથી કંઈ કામનું ન હોય. મંદિરમાં આવે તો પણ મન ક્યાંય ભટકતું હોય. જાગૃત અવસ્થામાં અને સ્વપ્નમાં પણ દિલ્હીની ગાદી પર કોણ બેસે છે તેનો વિચાર આવે. જે આવે તે, તેઓ કોઈ આપણું પુરું કરવાના નથી ! સ્વપ્નમાં પણ ક્યારેય ભગવાનનું દર્શન તો થાય જ નહિ. તિલક ચાંદલો કપાળમાં બહારથી કરીએ છીએ પરંતુ અંદરથી થતો નથી. મંદિરે આવીએ એટલે મહારાજનું દર્શન જેટલું ન કરીએ એટલું બાજુમાં ધ્યાન રાખીએ, કોણ શું કરે છે ? બાજુ વાળો માળા લઈને આવ્યો છે કે વગર માળાએ ? પ્રકૃતિને સૌ આધિન વર્તે છે. મહારાજ એક પ્રકૃતિથી પર છે. જો આપણે સૌ પ્રકૃતિથી પર હોત તો અક્ષરધામમાં સ્વતંત્ર રીતે જતા હોત અને આવતા હોત. અહીં આવીને દુકાને થોડો વકરો કરીને પાછા અક્ષરધામમાં જતા રહેતા હોત. તમને ક્યારેક ગુસ્સો આવે તો અમને પણ ક્યારેક આવતો હોય પરંતુ તમારા અને અમારા હેતુમાં ફેર હોય. અમે તમારા સિંહાસનમાં કંઈક નવું જોઈએ એટલે ઘણીવાર ગુસ્સો આવતો હોય છે.

આપણા નંદ સંતોએ તથા સમકાલીન ભક્તોએ કેટલી મહેતન કરી છે, કેટલો સંઘર્ષ કર્યો છે. મહારાજે કેટલો દાખડો કર્યો છે. ત્યારે આજે આપણે અહીં સુખેથી બેઠા છીએ. એ સમયે રોડ પર નીકળીએ અને જો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલીએ તો પણ લોકો પાછળ પડતા, ગાળો બોલે, ધૂળ ફેંકે, સ્વયં મહારાજની જ વાત કરીએ તો પેશ્વા સરકારના સુબાએ મહારાજને મારી નાખવા માટે ઉકળતા તેલનું ટાકું બનાવીને તે પર ગાદી તથા ગાલ-મશુરીયા બિછાવીને તે કપટ ગાદી પર મહારાજને બેસવાનું કહેલું. મહારાજ તો અંતર્યામી છે એટલે પોતાના હાથમાં રહેલી છડી અડાડીને તેનુ પોલ ખોલી નાંખ્યું. જે સંઘર્ષ કરે છે તે ઘડાય છે. મજબૂત બને છે. બાપાએ મહેનત કરી હોય પછી દીકરાને સોંપે એટલે કહેવું પડે કે આટલું સાચવજે તો પણ ઘણું, કારણ કે બાપાને ખબર છે કે મારા દીકરાને તૈયાર મળે છે એટલે તેની કિંમત ન હોય.

પતંગિયાના બે કોશોટોને એક ભાઈ જોઈ રહ્યા હતા. તેમાંથી એક તો થોડા દિવસમાં હલન ચલન કરતું કોચલામાંથી બહાર આવીને પતંગિયું બનીને પાખો ફફડાવી ઉડી ગયું. પરંતુ બીજાને થોડો ટાઈમ લાગ્યો. બહાર આવવા સંઘર્ષ કરતું હતું. પેલા ભાઈથી ધીરજ ન રહી એટલે કોચલા ઉપર સહેજ બ્લેડ મૂકી. પતંગિયુ ફટ કરતું બહાર તો આવી ગયું પરંતુ કોચલામાં ચોંટેલી પાંખોને નુકશાન થવાથી ઉડી શક્યું નહી. બહુ પ્રયત્ન કર્યો. નબળું પડ્યું એટલે ત્યાં ને ત્યાં પડી રહેવાથી છેવટે એક પક્ષી આવ્યું અને તેનું ભક્ષણ કરી ગયું. સત્સંગમાં પણ જે ધીરે ધીરે ઘડાયને મજબુત બને છે, તેની નિષ્ઠા પરિપકવ થાય છે તેને કોઈ અહીં આવીને બહાર ઉપાડી જઈ શકતું નથી.

શાસ્ત્રોની કથા-પારાયણ થાય એટલે શરૂઆતમાં શ્રોતા-વક્તા બન્નેના લક્ષણો આવે. કોઈ વક્તા પોતાના લક્ષણોની વિગતવાર વાત ન કરે. જો કરે તો ૯૯% વકતા ફેઈલ થઈ જાય. વક્તાનું સાચું લક્ષણ એ છે કે મહારાજનો તેને દ્રઢ આશરો જોઈએ. આવા વક્તાના મુખેથી કથા

સાંભળીએ એટલે એ કથા ઉગે. બાકી ઉગે નહી. તમે જુઓ. ટી.વી.ની. ચેનલોમાં કેટલી કથાઓ આવે છે. પરંતુ આ કથા સાંભળીને કોઈ સત્સંગી થઈ જતું નથી. આવી કથા થોડો ટાઈમ સારી લાગે. વાહ વાહ થાય. સંગીત સારું છે, કંઠ સારો છે. દેખાવ સારો છે. પરંતુ વક્તાને ભગવાનનો દ્રઢ આસરો ન હોવાથી સાંભળનારાના હૈયામાં આ કથા સમાસ કરતી નથી. વચનામૃતમાં મહારાજે વાત કરી કે એવું ક્યું સાધન છે જે એક સાધવાથી બીજા બધા સધાય ? પછી મહારાજે જ તેનો ઉત્તર કર્યો કે ભગવાનનો દ્રઢ આશરો એક એવું સાધન છે જે સાધવાથી બીજા બધા સાધન સધાય છે. નિર્ગુણદાસજી સ્વામીને ભગવાનનો દ્રઢ આસરો છે. ભગવાન સિવાય તેમની પાસેથી બીજી કોઈ વાત સાંભળવા ન મળે. તેઓ એક નિડર વક્તા છે. કડવું હોય પરંતુ સત્ય હોય તો તેઓ સંભળાવવામાં કચાશ ન રાખે. તેઓને કાયમ સાંભળતા રહેજો. નહીં તો ઘણા તો એકબીજા ના વખાણ કરે. અહોહો.... તમે તો દાદા ખાચર જેવા છો, પર્વતભાઈ જેવા છો. તો વળી સામેથી એવું સંભળાય કે તમે તો બ્રહ્માનંદ સ્વામી જેવા કે મુક્તાનંદ સ્વામી જેવા છો. સામ સામે એક બીજાની વાહ વાહ કરીને છૂટા પડે અલ્યા ભાઈ! **બ્રહ્માનંદ સ્વામી કે દાદા ખાચરનું નામ લઈ સરખામણી કરીને તેઓનું અપમાન શું કરવા કરો છો ? તેમના જેવા તો તેઓ એક જ છે.** એક ભાઈને તો એવી ટેવ હતી કે મંદિરમાં પાંચ-દસ હજારનું દાન કરે પછી પહોંચમાં લખાવે કે ફલાણા ફલાણા ભાઈ ઉર્ફે દાદા ખાચર ! પહોંચ ફાડનાર એમ કહે કે એવું ન લખાય તો જવાબ મળે કે તો મારે પૈસા નથી આપવા. મને સંપ્રદાયમાં બધા દાદા ખાચર તરીકે ઓળખે છે અને તમે ઓળખતા નથી. આજ કાલ આ ભાઈ ક્યાંય દેખાતા નથી. ભગવાન જાણે, ક્યાં અદ્રશ્ય થઈ ગયા ! દાદા ખાચરનું નામ અમર છે. આ ભાઈનું ક્યાંય નામ રહ્યું નહી. દાદા ખાચરે પોતાની ધન સંપત્તિ દરબારગઢ આદિક સઘળું મહારાજને અર્પણ કરી દીધું એટલે મહારાજ તેમને યાદ કરતા હતા એવું નથી. મહારાજ તેમને યાદ એટલા માટે કરતા હતા કે મહારાજનું તેઓ મન હતા. દાદાને શિક્ષાપત્રીની જરૂર નહોતી. મહારાજની આંખ ઉપરથી દાદા પારખી લેતા કે મહારાજને આ ગમશે અને આ નહી ગમે અને તે પ્રમાણે જ તેઓ વર્તતા હતા.

ભક્ત બનવું એ શૂરવીરનું કામ છે. કાયરનું કામ નથી. કારણ કે ભગવાન સાથે જેમ જોડાતા જઈએ તેમ જગતથી છૂટા પડતા જઈએ. તમે જોજો, ધંધાના ભાગીદાર, સગા સંબંધી, મિત્રોને કોઈને કહી જો જો કે ચાલો અહીં કથા પારાયણ ચાલે છે કે ઉત્સવ સમૈયો કે પાટોત્સવ છે તમારે આવવું છે ? તુરંત જ ના આવશે, કહેશે કે તમે જાઓ. મારે તો આજે ફલાણું કામ છે.

ષષ્ઠી પૂર્તિ આદિક મહામહોત્સવોમાં બાપુનગરના આપ સૌ નાના મોટા દરેક ભક્તોએ ખૂબ સેવા કરી છે અને આગામી નરનારાયણદેવ મહોત્સવમાં પણ બધું તમારા ઉપર જ છે. આટલું કહી પ.પૂ. મહારાજશ્રીએ સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

shreeswaminarayan9@gmail.com

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info

www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૧૫

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી




ઉધ્ધવાવતાર સમર્થ ગુરૂ શ્રી રામાનંદ સ્વામીએ પોતાની ગાદી ઉપર નિલકંઠ વર્ણીને સં.૧૮૧૮ કારતક સુદી ૧૧ ને દિવસે બેસાડ્યા અને સંપ્રદાયની ધુરા તેમને સોંપી તે વખતના મહોત્સવનું વર્ણન જ એટલું સુંદર હતું કે આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ હરિલીલામૃતમાં તેને માટે વિશ્રામ (કળશ ૪વિ. ૨૦થી૩૦) ફાળવેલ છે. તે વખતે સર્વે દેવો, અવતારો, ચારેય વેદો, અષ્ટ સિધ્ધિ વગેરે ત્યાં મૂર્તિમાન સ્વરૂપે હાજર હતા.

અક્ષરધામના અધિપતિએ જેના માટે અવતાર ધારણ કર્યો હતો તેનું આ પ્રથમ પગથિયું હતું. આ મહામહોત્સવમાં જે ચંદરવા નીચે નીલકંઠવર્ણી વિરાજેલા, જેની નીચે ચારેય વેદોએ મૂર્તિમાન પ્રત્યક્ષ સ્વરૂપે હાજર થઈને યજ્ઞમાં આહુતિઓ આપેલી, જેની નીચે વર્ણીએ આપણા અન્ન-વસ્ત્રની જવાબદારી તેમના શિરે લઈ લીધેલી છે. જેની નીચે રામાનંદ સ્વામીએ સ્વયં વર્ણીનો હાથ ઝાલીને સિંહાસન ઉપર બેસાડીને તેમની ઉપર આશીર્વાદનો અભિષેક કર્યો હતો. એવા મહાપ્રસાદીના આ ચંદરવાના દર્શન આજે પણ મ્યુઝિયમમાં થાય છે. ખૂબ કાળજીપૂર્વક વૈજ્ઞાનિક રીતે સાચવવામાં આવેલ આ અતિ પવિત્ર પ્રસાદીના ચંદરવાના દર્શન શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં.૭માં થાય છે. દરેક હરિભક્તો તેના દર્શન કરજો તેની નીચે તો આપણી સુખ સમૃધ્ધિ રહી છે તે વિવેકભરી રીતે સમજજો.

-પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - એપ્રિલ-૨૦૧૪

| | |
|---|---|
| ૧૦,૦૦,૦૦૦/- | પ.પૂ. મોટા મહારાજશ્રીના ૭૦ માં પ્રાક્ટ્યોત્સવ પ્રસંગે શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવી-કચ્છના હરિભક્તો તરફથી આવેલ તમામ ચરણ ભેટની રકમ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં અર્પણ કરી દીધી છે. |
| ૧,૫૦,૦૦૦/- | અ.નિ. વિઠ્ઠલભાઈ સોમચંદશાહ (વકીલશ્રી) હ. રાજેશભાઈ, ભગવતભાઈ તથા હરિવદનભાઈ તથા હર્ષિત તથા જયશ્રી બી. શાહ, અમદાવાદ. |
| ૧,૦૦,૦૦૦/- | એક હરિભક્ત બહેન, અમદાવાદ |
| ૧,૦૦,૦૦૦/- | શ્વેતાબેન ગંગારામભાઈ પટેલ હ. ડૉ. ગંગારામભાઈ પટેલ, ઘાટલોડિયા. |
| ૧,૦૦,૦૦૦/- | બાલમુકુન્દ ગંગારામભાઈ પટેલ હ. ડૉ. ગંગારામભાઈ પટેલ, ઘાટલોડિયા. |
| ૫૧,૦૦૦/- | અ.નિ. જટાશંકર પોપટલાલ શાહ પરિવાર, આંબાવાડી હ. જગદીશભાઈ શાહ |
| ૫૧,૦૦૦/- | મહેશકુમાર વિઠ્ઠલદાસ પટેલ (વડુવાળા) કલોલ. |
| ૫૧,૦૦૦/- | સોની ચુનિલાલ દુર્લભજીભાઈ હ. જયેન્દ્રભાઈ સોની |
| ૩૧,૧૦૦/- | લાલજી શામજી ગામી કેરા-કચ્છ. |
| ૨૫,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) માંડવી કચ્છ. હ. સાં.યો. રામબાઈ તરફથી |
| ૨૧,૦૦૦/- | સુભાષભાઈ વેલજીભાઈ ચાવડા હ. ધવલ સુભાષભાઈ ચાવડા |
| ૧૮,૦૦૦/- | જિતેન વ્રજલાલ વઘાસીયા, નારણપુરા. |
| ૧૫,૦૦૦/- | ભુપતભાઈ નાનજીભાઈ સિંગાળા, બાપુનગર હ. આદિત્ય, આદિતી, હાર્વિ તથા હીર. |
| ૧૧,૦૦૦/- | ભુપેન્દ્રભાઈ રતિલાલ પટેલ, અમદાવાદ. |
| ૧૧.૦૦૦/- | ધીરજભાઈ કરશનદાસ પટેલ, સોલા રોડ. |
| ૧૧,૦૦૦/- | બાબુભાઈ પોપટભાઈ સીંગાળા, બાપુનગર. |
| ૧૦,૦૦૦/- | ઘનશ્યામ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ, બોપલ હ. મીનાબેન કે. જોષી |
| ૧૦,૦૦૦/- | હરજીવનભાઈ કરશનદાસ પટેલ, સાયન્સ સીટી, અમદાવાદ. |
| ૯,૨૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ, નવાનરોડા, બાપુનગર. |
| ૫,૧૦૦/- | વર્ણી જેમ્સ / ઋષિ જેમ્સ, મેતપુર-ખંભાત. |
| ૫,૦૦૦/- | નવિનચંદ્ર રમણલાલ ભાવસાર, નવાવાડજ, હ. અમિત નવિનચંદ્ર ભાવસાર. |
| ૫,૦૦૦/- | મયંક વિનોચંદ્ર ભીમાણી, લંડન, હ. ચંદ્રિકાબેન, સેજલ, સ્વાતિ, તૃપ્તિ, કિંજલ. |
| ૫,૦૦૦/- | કમલેશભાઈ એચ. શાહ, ઉસ્માનપુરા (નેશનલ ઈન્સ્યુરન્સ કંપની) |
| ૫,૦૦૦/- | પટેલ રંજનબેન ભરતભાઈ, ગાંધીનગર |

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - એપ્રિલ-૨૦૧૪

| | |
|---|---|
| તા.૩૦-૦૩-૧૪ | મહેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વડુવાળા (હા. કેનેડા) કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે |
| તા.૦૮-૦૪-૧૪ | રાધેશ મનજીભાઈ ભુડીયા યુ.કે. |
| તા.૦૯-૦૪-૧૪ | ભૂપેન્દ્રભાઈ રતિલાલ પટેલ (દાણીલીમડા) હાલ સેટેલાઈટ. |
| તા.૧૦-૦૪-૧૪ | સુરેશભાઈ અમીન (વિરસદવાળા) ન્યુઝિલેન્ડ |
| તા.૧૫-૦૪-૧૪ | નારણ ભીમજી હાલાઈ (સુખપરવાળા) (લંડન-કાર્ડિફ) |
| તા.૧૯-૦૪-૧૪ | ધર્મેન્દ્રભાઈ આર. પટેલ હ. આંગન, હર્ષિલ તથા દર્શનાબેન (સેટેલાઈટ) |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## શ્રીહરિનું અલૌકિક ઐશ્વર્ય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સંસારમાં જેને આપણે સુખ માનીએ છીએ એ સુખ જો આપણને મળ્યું હોય તો મનમાંથી એવી દૃઢ ભાવના હોય કે ભગવાનની કૃપાથી સુખી છીએ. માનવ પ્રકૃતિ છે એને પોતાના કાર્યનું અભિમાન હોય છે. મેં આ કર્યું એટલે જો કેટલો બધા ફાયદો થયો ! માનવ માત્ર એમ જ માને છે કે મારી આ મહેનતથી, 'મારી બુધ્ધિથી, મારા પરિશ્રમથી મને આ ફાયદો થયો છે. પણ જો ભક્ત હોય તો એના હૈયામાં એમ જ હોય છે કે મને સુખ મળ્યું, મને જે પ્રાપ્તિ થઈ છે એ ભગવાનની કૃપાથી થઈ છે. જગત અને ભગતની માન્યતામાં આ પાયાનો તફાવત છે.

શ્રીજી મહારાજ અને સંતો સાથે હતા અને એકવાર એવો પ્રસંગ બનેલો. પ્રભુ ઠંડીમાં વિચરણ કરતાતા. માણકી ઘોડીને પાણી પાવા માટે કોઈક ખેડૂતની વાડીએ ગયા. એ ખેડૂતે ઘઉં વાવેલા. લીલા મોતીના દાણા જેવા ઘઉંથી ભર્યું ભર્યું ખેતર જોઈને શ્રીજી મહારાજ કહે છે, પટેલ ઘઉં બહુ સારા થયા છે હો.... એ સાંભળી પટેલે પ્રવચન શરૂ કર્યું. થાય કેમ નહીં.... મહેનત કહીએ છીએ, રાત દહાડો જાગીએ છીએ. ખેડ કરી છે, ખાતર નાંખ્યું છે ને આ તમે જુઓ છો ને આવી ઠંડીમાં આ કોશ ચલાવીએ છીએ પછી કેમ સારા ન થાય ?

મહિના પછી સ્વામિનારાયણ ભગવાન એજ રસ્તેથી ગઢપુર તરફ પાછા વળ્યા ત્યારે આ પટેલે ઘઉં કાપી કાપીને ખેતરના શેઢે ઢગલો કરેલો. એ જોઈને સ્વામિનારાયણ ભગવાને પૂછ્યું. અરે પટેલ ! આ શું ? કેમ આ ઘઉં લણ્યા નહીં, ઢગલો કરીને ફેંકી દીધાં ? ત્યારે આ પટેલે જવાબ આપ્યો કે શું કરીએ ભગવાને એવો ગેરૂ નાંખ્યો, બધા ઘઉં નકામાં ગયા. અમારી મહેનત પાણીમાં ગઈ. એનો જવાબ સાંભળી શ્રીજી મહારાજ બધા ભક્તોને સંતોને કહે છે, જુઓ આ જગતની દૃષ્ટિ, જો સુખ મળતું હોય તો માણસ એમ માને અમારી મહેનતથી મળ્યું અને દુઃખ આવે ત્યારે માણસ એમ માને આ ભગવાને મોકલ્યું ને અમે દુઃખી થઈ ગયા. એ સાચા ભક્ત નહીં. જેને ભગવાનનો અનન્ય આશરો છે, દૃઢ નિશ્ચય છે તેવા ભક્તો ભગવાનને જ સર્વ કર્તા-હર્તા જાણે. સુખ આપે કે દુઃખ ભગવાનની જ ઈચ્છાથી થાય છે એવો દૃઢ વિશ્વાસ હોય.

**હું હરિનો હરિ મમ રક્ષક એ ભરોંસો જાય નહિ,**
**હરિ જે કરશે તે મમ હિતનું, એ વિશ્વાસ તજાય નહિ."**

આવા ભક્તોને ભગવાન ઉપર દૃઢ વિશ્વાસ હોય છે કે ગાયોનો ગોવાળ જેમ પોતાની ગાયોની રક્ષા કરે છે ધ્યાન રાખે છે વળી જેમ માતા બાળકની સતત સંભાવના રાખે છે. માતાની મનોવૃતિ પોતાના નાના બાળકમાં જ હોય. ગ્રામ્ય વિસ્તારની માતાઓ પોતાના છોકરાને ઘરમાં સૂવાડીને વાડીમાં, ખેતરમાં કે પાણી ભરવા જાય તો એનું મન સતત છોકરામાં હોય. જાગ્યો હશે, રડશે..... કોઈ માતા નોકરી કરતી હોય, ઘોડિયાઘરમાં છોકરાને રાખ્યું હોય છતાં મન ત્યાં હોય. માતાનું મન જેમ પોતાના નાના બાળકમાં હોય એમ હે પ્રભુ ! તમે અમારૂં અખંડ ધ્યાન રાખો છો.

માટે ભગવાન ક્યારે પણ આપણને દુઃખી કરતાં નથી, આપણું બગાડતા નથી એવો વિશ્વાસ રાખી ભગવાનનું ભજન કરવું. અને સમજી રાખવું ભગવાનની કૃપા જ સર્વોપરી છે.

●

## ભક્ત રક્ષક ભગવાન

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

કોઈ કહે ભગવાનનું સ્વરૂપ ઉભું કેમ છે ? તો જવાબ મળશે. ભક્ત રક્ષા માટે. કોઈ કહે ભગવાનને માળા શા માટે ફેરવવાની. કોના નામની માળા ફેરવતા હશે ? તો જવાબ મળશે ભક્તોના નામની. કોઈ કહે ભગવાનનું ઐશ્વર્ય કેવું હોય ? પ્રતાપ કેવો હોય ? તો સજ્જનો ભગવાન ભક્તના દુઃખ દૂર કરે એવા ઐશ્વર્ય હોય છે.

સંકટ, મુંઝવણ ટાળે આનંદ ઉપજાવે એવો પ્રતાપ હોય છે. તો આજે એક એવું જ ઐશ્વર્ય પ્રતાપનું ચરિત્ર વાંચીએ.

કાશીદાસ નામે એક ભક્ત હતા. તે બોચાસણ ગામના હતા. કાશીદાસભાઈના ઘરમાં ખૂબ સારો સત્સંગ હતો. નિત્ય સવારે બધા જ ઘરના સભ્યો ભેગા મળી ભગવાનની આરતી કરતા. પ્રાર્થના બોલતા અને દરરોજ સવારે કથા-વાર્તા શાસ્ત્ર વાંચન કરી પછી જ પોત પોતાનું કામકાજ કરતા. આરતી પ્રાર્થના કે કથાવાર્તા કર્યા સિવાય સવારે પાણી પણ ન પીતા.

એક દિવસ સવારે કાશીદાસભાઈ તથા તેમના કુટુંબીજનો મંગળા આરતી કરતા હતા. તેવામાં સરકારના માણસો હાથમાં હથિયાર લઈ આવ્યા. કાશીદાસભાઈ અમે તમને કેદ કરવા આવ્યા છીએ. હાથમાં પગમાં બેડીઓ બાંધી દીધી. આની પાછળ કારણ એ હતું કે કાશીદાસભાઈએ કોઈ વેપારી પાસેથી રૂપિયા લીધા હતા. તે ઘણા સમયથી ચૂકવેલા નહિ. આ વેપારી ભારે ભૂંડો. વેપારીએ સરકારમાં અરજી કરી અને આ કારણથી કાશીદાસને પગમાં બેડીઓ નંખાવી જેલમાં પુરાવ્યા.

એવામાં ગઢપુરમાં સમૈયો હતો. તે કાશીદાસની માતા કાશીદાસના ઘરવાળા એ સૌ દર્શને ગયાં. ને કાશીદાસ તો કેદમાં હતા. તેથી ન જઈ શક્યા. જેલમાં બેઠા બેઠા બહુ ઉદાસ થયા. દિલગીર થયા. હે મહારાજ ! તમારી આજ્ઞા લોપી તો સમૈયાનું સુખ ન મળ્યું. હે મહારાજ ! જો દેવું ન કર્યું હોત તો તમારી અમૃતવાણીનો તમારા દર્શનનો લાભ લઈ શકત. આમ જેલમાં ઉદાસ રહેતા. દરરોજ સવારે સિપાઈની સાથે કાશીદાસ નદીમાં નાવા જાય. અને સિપાઈ તેને પાછા પકડીને જેલમાં પૂરી દેતા.

એક દિવસે કાશીદાસભાઈએ હાથમાં પાણી લઈ, હે મહારાજ ! તમે જ પ્રહલાદની રક્ષા કરનારા છો, તમે જ ગજની ગ્રાહ થકી રક્ષા કરનારા છો. તમે જ સુધન્વાની ઉકળતા તેલથી રક્ષા કરનારા છો. આમ સંકલ્પ કરી જળ મૂક્યું ને કાશીદાસે પાણીમાં ડૂબકી મારી તે દસ ગાઉ ઉપર નીકળ્યા. પગમાં બાંધેલી બેડી પણ છૂટી ગઈ અને સિપાઈ પાછો આવ્યો ને અધિકારીને જાણ કરી કે કાશીદાસ તો નદીમાં ડૂબી ગયા. પછી કાશીદાસ દસ ગાઉ દૂર નીકળીને ગઢડે જવા માટે ચાલી નીકળ્યા. મહારાજ ગઢપુરમાં બેઠા હતા. કાશીદાસની માતાને બોલાવીને કહ્યું. તમારો કાશીદાસ હમણાં આવશે. ત્યારે એ બહેને કહ્યું, હે મહારાજ ! મારો કાશીદાસ તો કેદમાં છે. ક્યાંથી આવે ? મહારાજે કહ્યું, હમણા આવશે. એમ વાત કરે છે ત્યાં કાશીદાસે આવી મહારાજને દંડવત કર્યા. ત્યારે મહારાજે એ ડોસીને કહ્યું આ તમારો કાશીદાસ ખરો કે નહિ ? અને એ માજી બહુ રાજી રાજી થઈ ગયા. પછી કાશીદાસ દસ દિવસ ગઢપુરમાં રહ્યા. મહારાજે આજ્ઞા કરી હવે તમે ઘેર જાઓ. ત્યારે કાશીદાસે કહ્યું, મહારાજ ! હું ત્યાં જઈશ અને મને દેખશે તો પકડીને ફરીથી કેદ કરશે. મહારાજ કહે હવે કોઈ તમારું નામ નહિ લે. તમે સુખેથી ઘેર જાઓ.

અને કાશીદાસ સહિત સર્વ કુટુંબીજનો પોતાને ઘેર આવ્યા. ત્યારે કાશીદાસને જે વેપારીએ કેદ કરાવ્યા હતા તેણે જોયા. એણે સરકારમાં જઈને અરજી કરી કે કાશીદાસ આવ્યો છે. તેને પકડીને પાછો કેદ કરો. ત્યારે સરકારના માણસો કાશીદાસને પકડી સરકાર પાસે લઈ ગયા. અને પૂછ્યું કે તું નાવા ગયો હતો તે કેવી રીતે અદ્રશ્ય થઈ ગયો ? ત્યારે કાશીદાસે કહ્યું સાહેબ મને કંઈ ખબર નથી. મેં તો ડૂબકી મારી અને હું દસ ગાઉ દૂર નીકળ્યો. મારા પગમાં બેડી પણ ન હોતી. હવે સરકારની જેમ મરજી હોય તેમ કરો. ત્યારે સરકાર વિચારીને બોલ્યા, જે આને તો પરમેશ્વરે પરચો દીધો છે. પછી અરજી કરનારને કહ્યું, કાશીદાસ પાસે તમારું લેણું હતું. એ કાશીદાસ આ નથી. આને તો પરમેશ્વરે બીજો જન્મ આપ્યો છે અને એની રક્ષા કરી છે. માટે તમે કંઈ પણ ઉઘરાણી કરી શકશો નહિ. એ રીતે કાશીદાસ ઉપર મહારાજે બહુ કૃપા કરી.

કાશીદાસભાઈએ નિયમ લીધો કે મહારાજ રાખે તેમ રહેવું પણ કોઈની પાસે ઉધાર લેવું નહિ. નિયમિત ભગવાનની સવારે આરતી, પ્રાર્થના કથાવાર્તા, શાસ્ત્ર વાંચનના પ્રતાપે ભગવાને મારી રક્ષા કરી છે. ફક્ત કેદથી નથી છોડાવ્યો પણ ભવબંધનની કેદથી પણ મુક્ત કર્યો છે. એમ જાણી દૃઢ ભક્ત થયા.

સજ્જનો ! ભક્ત રક્ષા કરવા ભગવાન આવા તો અનેક ઐશ્વર્યો પૂરા પાડે છે. જીવમાં ભક્તિની ભજનની સેવાની દૃઢ ખુમારી રાખશો તો ભગવાન ચોક્કસ આપણી સાથે છે ને છે.

(- હરિલીલાવાર્તા વિવેક વાર્તા નં.-૫ આધારીત.)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"શાંતિ અને આનંદનો આધાર સંયમ અને સંતોષ છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

જગતનો ત્યાગ નથી કરવાનો. સૌથી પહેલા નિષિધ્ધ કર્મનો ત્યાગ કરવાનો છે. પંચવર્તમાન પાળવા, નિયત કર્મ કરવું, સાધારણ ધર્મ પાળવા એ બધું પહેલા કરવાનું છે, જેણે નિષિધ્ધ કર્મનો ત્યાગ કર્યો છે તેના હાથથી ખોટા કર્મ થતા નથી. જાણ્યે અજાણ્યે ખોટા કર્મ થઈ જાય તો પણ એટલી બધી અશાંતિ હોય છે. જે દિવસે ખોટા કર્મ થઈ જાય તે દિવસે નવરા પડીએ છીએ તો કાંઈક અશાંતિ લાગે છે. મુંઝવણ થાય છે. ડિપ્રેશન થઈ જાય છે. કાંઈક ખોટું થઈ ગયું છે. તેનો કુદરતી સંકેત મળે છે. જે લોકો જાણી જોઈને પાપાચરણ નથી કરતા તેમને પરમાત્મા સંકેત આપે છે. બધાને એવુ નથી થતું. જે લોકોને રોજની ટેવ હોય છે, નિંદા કરવાની તેને ક્યારે અશાંતિ લાગે છે ? તો જ્યારે કોઈની નિંદા ન કરે ત્યારે કાંઈ ખરાબ કાર્ય થઈ જાય. કોઈની નિંદા થઈ જાય કોઈને દુ:ખ અપાઈ જાય ત્યારે તરત જ પરમાત્મા પાસે બેસી ક્ષમા માગી લેવી ચોખું કરી નાખવાનું અને શરીરથી પણ કોઈ પણ પાપ કરવાનું નહિ, અતિ લોભ અતિ મોહ તેને પણ શારીરિક પાપ કહેવામાં આવે છે. કામનાને વશ થઈ માણસ પોતાની ઈચ્છા પૂર્તિ કરવા માટે શરીરની ક્ષમતા કરતા શરીર પાસેથી વધારે કામ લે છે. આપણે ઘણી વખત શરીરની ક્ષમતા કરતા હજાર ગણું વધારે કામ કરાવીએ છીએ તે પણ શારીરિક હિંસા કરી કહેવાય. શારીરિક પાપ કહેવાય. વિવેક અને મર્યાદા પૂર્વક પંચ જ્ઞાનેન્દ્રિયો અને પંચ કર્મેન્દ્રિયોનો ઉપયોગ કરીએ તો કાંઈ ખોટું નથી. માત્ર સંસારના ભોગો જ એક લક્ષ્ય બની જાય છે. ત્યારે આપણું કલ્યાણ અટકી જાય છે. એટલે શરીર પ્રત્યે હિંસા નહિ કરવાની. માનસિક હિંસા પણ થાય છે. ખરાબ વિચારો આવે તેને માનસિક હિંસા કહેવામાં આવે છે. જેવા વિચાર આવશે તેવું વર્તન થઈ જવાનું. પ્રેમથી બોલાશે નહિ સારુ બોલાશે નહિ જેવી મનમાં ગ્રંથિ નક્કી થઈ ગઈ છે. તેવા જ કર્મો આપણા હાથથી થઈ જાય છે. કર્મ અને વચનથી જો કોઈને દુ:ખ નહિ પહોંચાડીએ અને માત્ર વિચારમાં હિંસા કરશું તો પણ શરીર પર અસર થશે. અતિ લોભ અતિ મોહ અને અતિ પ્રગતિ કરવાનો પણ મોહ હોય છે. એ બધાથી દૂર રહીને શુભ વાણી રાખવી. અને મન પર સંયમ રાખવો, આનંદ પૂર્વક જીવન વ્યતિત કરવું હોય તો અને આયુષ્ય પુરૂ થવા આવે ત્યારે શાંતિ જોઈતી હોય તો ત્યાગ રાખવો. શાંતિ અને આનંદનો આધાર સંયમ અને સંતોષ છે. શારીરિક અત્યાચાર, અતિશય વિષય ભોગ, અતિશય તપ કે અતિ દમન નહિ કરવાનું. કેમ કે ? શાસ્ત્રમાં જે વસ્તુ માન્ય ન હોય તેવા વ્રત ઉપવાસ નહિ કરવાના. શાસ્ત્રમાં લખેલું છે તેનાથી વધારે કરીએ તો પણ ફળ મળતુ નથી. જેટલી તરસ લાગી હોય તેટલું જ પાણી પીવાય. પહેલાં પીધેલું હોય તે પણ કામ આવતું નથી. જરૂર કરતા વધારે પીવાઈ જાય તો પણ લાભ ન થાય. એટલે જરૂરિયાત કરતા વધારે કરીએ તો પણ હિંસા થાય છે. શરીર ને અન્યાય થાય છે. સંયમિત જીવન જીવીને શરીરને સારા કાર્યમાં ઉપયોગમાં લેવાનું અને નક્કી કરી રાખવાનું કે ક્યાં જવાનું છે ? હમેંશા સાચા મુમુક્ષુ બનીને રહેવાનું. આપણે ગયા જન્મે કોણ હતા ? ક્યાં જીવતા હતા ? શું કરતા હતા ? તે આપણને યાદ નથી આવવાનું. પરંતુ આપણે આપણી ગતિ શું કરવાની છે તે આપણા હાથમાં છે. આત્મા ક્યારેય નાશ નથી પામતો અવિનાશી છે. બધી જ ખબર હોવા છતાં પણ માણસ આસક્તિમાં ફસાઈ જાય છે. આપણે ક્યાં જવાનું છે તે નક્કી જ હોય તો ગમે તે સાધન કરીને ઝડપથી પહોંચી જઈશું. પરંતુ મનની દૃઢતા હોય કે પહોંચવું જ છે ? પણ જો મનમાં અસમંજસતા હોય કે જવું ન જવું તો એક પછી એક ગમે તેટલા સાધન નીકળી જાય તો પણ આપણે ત્યાં ને ત્યાં જ રહી જઈએ છીએ. વિચાર પાકો હોય તો જે વસ્તુ આપણી પાસે હોય તે સાધન બની જાય છે. મુકામ નક્કી હશે તો બધી વસ્તુઓ સાધન બની જાશે. માટે સંયમિત જીવન જીવીને સાચા મુમુક્ષુ થવાનું તો પરમાત્માંની કૃપા પણ થશે અને પરમાત્મા સુધી પહોંચી પણ શકાશે.

●

**ચારિત્ર્યવાન જીવન**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આપણી મહાનતાની ઈમારત ચારિત્ર્યના પાયા ઉપર ઉભી થાય છે. કરોડો જ્ઞાનના ગાંસડા કરતા એક ચારિત્ર્યની ચપટી અધિક છે. ચારિત્ર્ય આપણું ઘરેણું છે. ચારિત્ર્ય નિષ્ઠાથી આપણી માનવતા અને નૈતિક અને મૂલ્યોમાં વધારો થાય છે. ચારિત્ર્ય જીવન આપણા મહામૂલી મૂડી છે. સ્વાસ્થયની સમતુલા તૂટે તો દૈનિક જીવનમાં થોડું કષ્ટ થાય છે. પરંતુ ચારિત્ર્યની દિવાલ તૂટે તો આપણા જીવનરૂપી મકાન ઉઘાડા થઈ જાય છે. આપણે લાખના હોય તોય કાખના થઈ જઈએ છીએ.

જેના હૃદયમાં ચારિત્ર્યરૂપી સંપત્તિ છે તે સૌના હૃદયમાં રાજ કરી શકે છે. તેથી બુદ્ધિશાળી મનુષ્યે દુરાચરણ અને અનિતી ત્યાગ કરીને હંમેશા ચારિત્ર્યનું રક્ષણ કરવું જોઈએ. જેમ વરસાદના પાણીથી જમીનમાં વધુ ઘાસ અને વનસ્પતિ ઉગી નીકળે છે તેમ આપણી ચારિત્ર્યરૂપી કોમળ વાણીના પ્રભાવથી દુરાચારી વ્યક્તિ પણ ભક્ત બની જાય છે. તમે જીભથી બોલો તેમાં હજુ કોઈ શંકા કરે પણ જીવન અને વર્તનથી કાંઈક કરી બતાવો તેનો સહુ સ્વીકારેજ છે. જેની કામેન્દ્રિયને જીભ આ બંને વશમાં છે તેની તુલના પરમેશ્વર સાથે કરી શકાય છે.

આપણે એકાંતમાં જે રીતે વર્તીએ તે આપણું ચારિત્ર્ય છે. દેશની મહાનતા તેની લંબાઈ પહોળાઈ પરથી નથી પણ દેશના નાગરિકોના ચારિત્ર્ય પર છે. મનુષ્યની ધાર્મિકતા પણ એના ચારિત્ર્ય પરથી જાણી શકાય છે. ચારિત્ર્યનું ઘડતર જ્ઞાનથી થાય છે. આ જ્ઞાન શાસ્ત્રો દ્વારા મેળવી શકાય છે.

ચારિત્ર્ય નિર્માણથી જ આપણું મનોબળ વધે છે. આ મનોબળ આપણી પાસે ન હોય તો આપણી લાખ રૂપિયાની મૂલ્યવાન વાત કોઈના હૃદયમાં ઉતરતી નથી. સ્પર્શતી પણ નથી. સંસારમાં સાચી પ્રગતિ એ સાચા વિકાસનો આધાર સ્તંભ કેવળ ચારિત્ર્ય છે. આપણા જીવનમાં દરેક ક્ષેત્રે સફળતા મેળવવી સહેલી છે. પરંતુ મેળવેલી સફળતાને કાયમી ટકાવી રાખવી અઘરી છે. આ સફળતા કાયમી ટકાવી રાખવાનો આધાર ચારિત્ર્ય જ છે.

સૌ પ્રથમ આપણે સમજીએ કે ચારિત્ર્ય એટલે શું ? ચારિત્ર્ય એટલે સત્ય, અહિંસા, પ્રમાણિકતા, નિદ્રંભતા, પવિત્રતા, દયા, બ્રહ્મચર્ય આદિ સર્વગુણોના સમન્વય સહિતનું આપણું જીવન. ટૂંકમાં કહીએતો ચારિત્ર્ય એટલે આપણામાં રહેલા સદ્‌ગુણો. તો વળી ચારિત્ર્યવાન જીવન એટલે શું ? ચારિત્ર્યવાન જીવન એટલે સર્વગુણ સંપન્ન આચરણ સહિત જીવન. આમ ચારિત્ર્ય એ સદ્‌ગુણ છે. જ્યારે ચારિત્ર્યવાન જીવનએ સદ્‌ગુણથી સભર જીવન કહેતા વર્તન છે. ચારિત્ર્ય હોય તો જ જીવન ચારિત્ર્યવાન બનાવી શકાય છે. સર્વ શ્રેષ્ઠ બનવા માટે જીવન ચારિત્ર્યવાન બનાવી શકાય છે. સર્વશ્રેષ્ઠ બનવા માટે સારરૂપ કે નિચોડ રૂપ કોઈ બાબત હોય તો તે છે ચારિત્ર્ય.

જેમ શરીર ઉપર આભૂષણો શોભે છે તેમ માનવી જીવન ચારિત્ર્યથી શોભી ઉઠે છે. આથીજ ચારિત્ર્યને માનવનું સૌથી અમૂલ્ય આભૂષણ કહેવાયું છે. ચારિત્ર્ય દ્રઢ ને મજબૂત હશે તેટલી એની મહાનતા ગણાશે. ચારિત્ર્ય ઘડતર માટે ચારિત્ર્યવાન થવાની સવિશેષ જરૂરીયાત છે. આજે માનવીને પોતાના તમામ કાર્યો ચારિત્ર્યવાન બની કરવા મરજીયાત નહિ પણ અત્યંત ફરજીયાત છે. કારણ કે આજે દેશકાળ ખૂબજ વિષમ છે. આજના યુગમાં સંપત્તિ, વિદ્વતા, શિક્ષણ ખૂબજ વધી રહ્યાં છે. તેમજ ભૌતિક સુખની લાલસા માટે આંધળી દોડ કરે છે. ને ચારે તરફ ભ્રષ્ટાચાર અને અનૈતિક જીવન સમાજમાં થઈ રહ્યું છે. અત્યારે આજે વાતવારણ બધે સામાન્ય બની ગયું છે. માટે ચારિત્ર્યની ખાસ જરૂરિયાત છે.

ભગવાન સ્વામિનારાયણે ૧૮મી સદીના અંધકારયુગમાં લાખો યુવાનોને ચારિત્ર્યવાન બનાવ્યા હતા. અને સમાજમાં શાંતિની સ્થાપના કરી હતી. ચોર, લૂંટારા, દુરાચારી, પાપાચારી, વ્યભિચારી, દારૂ-માંસમાં ડૂબ્યા રહેનારા ને ચારિત્ર્યવાન જીવનના માર્ગે વાળી મહાન ભક્ત બનાવ્યા હતા. જેવા કે જોબનપગી, તખોપગી એભલ ખાચર, અભેસિંહ, ચોરના સરદાર વેરાભાઈ, મુંજોસુરૂ, જસા કામળીયા વિગેરેનું નૈતિક જીવન ઉજ્જવળ બનાવ્યું હતું.

મછિયાવના મુળજી ગોરને તથા મયારામ ભટ્ટને એકાંતમાં સ્ત્રીનો યોગ થયો છતા - સયંમ - ધર્મમાં ડગ્યા નહિ. તેમજ શિવલાલ શેઠને પોતાના ઘરમાં છ માસથી આવેલી નવયુવાન બહેનના મુખ સામું નજર સુધ્ધાં નહોતી પડી. ભગવાન સ્વામિનારાયણે કેવો ચારિત્ર્યવાન સંયમી સમાજ તૈયાર કર્યો હતો. આમ શ્રીજી મહારાજ ૧૮ મી સદીના વહેમ, વ્યસનો, કુરિવાજો દૂર કરાવીને સંત સમાજથી સદાચાર વાળો કર્યો હતો. ભગવાન સ્વામિનારાયણના આ જ ભગીરથ કાર્યને આજે પણ એમના સત્‌પુરૂષોએ યથાવત જાળવી રાખ્યો છે. ચારિત્ર્ય નિષ્ઠ બનવા માટે બે સદ્‌ગુણની આવશ્યકતા છે. (૧) બ્રહ્મચર્ય (૨) પારદર્શકતા.

(૧) બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમાં ચરવું. બ્રહ્મ કહેતા ભગવાનની મૂર્તિમાં ચરવું. કહેતા વિચરવું તે. પણ મૂર્તિનાં વિચરણ માટે દેહને વિષે અહંબુદ્ધિને દેહસંબંધી પદાર્થને વિષે મમત્વ બુદ્ધિ ટાળીને પ્રભુમાં પ્રીતિરૂપી ચર્યા કરવી તેને બ્રહ્મચર્ય કહેવાય. ભગવાને બ્રહ્મચર્યના પાલન માટે એક વિશિષ્ટ પાળ બાંધી છે. જેમાં ત્યાગી વર્ગમાં અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો. જ્યારે ગૃહસ્થે પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસે ત્યાગ રાખવો.

(૨) પારદર્શકતા એટલે દંભ વગરનું, કપટ વગરનું જીવન, ગુજરાતી ભાષામાં એક કહેવત છે. ''હાથીના દાંત બતાવવાના ને ચાવવાના જુદાં હોય.'' એમ વર્તનની બાબતમાં આપણી વાણી કંઈક ને વર્તન કંઈક એમ વર્તે તે પારદર્શકતા નથી. જેવા અંદર હોય તેવાજ બહાર વર્તે. બહાર હોય તેવા અંદરથી વર્તે તેને કહેવાય પારદર્શકતા.

ચારિત્ર્ય ઘડતરમાં પારદર્શકતા એ બ્રહ્મચર્ય પછી

બીજોને અતિ મહત્વનો સદ્‌ગુણ છે. જેમ બ્રહ્મચર્ય આત્મ ઘડતર માટે ખૂબજ જરૂરી છે તેમ પારદર્શકતા પણ અત્યંત જરૂરી છે.

અંતે, નિયમિત સત્સંગ, આજ્ઞાપાલન અને સત્‌પુરુષનો સમાગમ સદાયને માટે આપણા ચારિત્ર્યવાન જીવનરૂપી દીપકને પ્રજવલિત રાખે ને ભગવાનના અને સંતોના ચારિત્ર્ય બોધને અનુસરતા અનુસરતા તેજસ્વી ચારિત્ર્યવાન બનીએ એજ પ્રાર્થના.

●

## યોગ એટલે શું ?

- સાં.યો. કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા (મેડા)

પોતાનું કર્મ કુશળતાપૂર્વક કરવું તેનું નામ જ યોગ.

પ્રારબ્ધવશાત્ જે માણસના જીવનમાં તેનું કર્મ નિયત નિશ્ચિત થયેલું છે તે કર્મ બરાબર કુશળતાપૂર્વક કરે તો તેણે યોગ કર્યો કહેવાય. એક દરજી અંગરખું બરાબર સરસ રીતે સિવે તેમાં એક બાંય લાંબી નહી કે બીજી બાંય ટૂંકી નહી પરંતુ બરાબર માપસર સિવે અને તેમાં તેની કુશળતાનો એકાગ્રત ચિત્તથી મન દઈને ઉપયોગ કરે તો તેણે યોગ કર્યો કહેવાય. આપણે કથા સાંભળવા જઈએ અગર તો પુસ્તક વાંચીએ તે વખતે એકાગ્ર ચિત્તથી સાંભળીએ અગર તો વાંચીએ અને બીજે ક્યાંય ડાફોળિયા ન મારીએ તો આપણે યોગ કર્યો કહેવાય. આવી રીતે જીવનનું એક એક કર્મ આપણે કુશળતાપૂર્વક ચિત્તવૃત્તિ સ્થિર રાખીને કરીએ તો આપણે સતત યોગ જ કરીએ છીએ તેમ કહેવાય. જીવન વ્યવહારમાં ઉપયોગી એવી સાદી સરળ અને દરેક દરેક માણસને સુલભ એવી યોગની વ્યાખ્યા સમજીને જીવનનું પ્રત્યેક કર્મ કરતાં કરતાં માણસનું એક એક કર્મ ભક્તિમય બની જાય તો પછી તેનો ભગવાન સાથે યોગ થતાં વાર ન લાગે.

યોગના ત્રણ પ્રકાર છે. (૧) કર્મયોગ (૨) ભક્તિયોગ (૩) જ્ઞાનયોગ. જીવનમાં એકલો જ્ઞાનયોગ અગર તો એકલો ભક્તિયોગ અગર તો એકલો કર્મયોગ કામમાં ના આવે. આ ત્રણેય યોગનો સમન્વય થાય તો જ જીવન સુંદર લાગે અને તો જ એક એક કર્મ દીપી ઉઠે. એકલો જ્ઞાનયોગ માણસને શુષ્ક વેદાંતી બનાવી દે. માણસ "અહં બ્રહ્માસ્મિ સર્વ ખલું ઈદં બ્રહ્મ" એમ જ્યાં ત્યાં બોલતો ફરે તો તેને ગાંડાની હોસ્પિટલમાં દાખલ કરવો પડે. એકલો ભક્તિયોગ માણસને વેવલો બનાવી દે અને જીવનની જવાબદારીઓમાંથી છટકવાની વેતરણમાં કદાચ રઝળી પડે અગર તો કંઈકને રઝળાવી દે. એકલો કર્મયોગી પણ જવાબદારીઓનાં અને પાપનાં પોટલાં જ ઊંચકતો ફરે એટલે દરેક કર્મમાં કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગનો વિવેકપૂર્વક સમન્વય થાય તો જ તે કામ શોભી ઊઠે છે.

દાખલા તરીકે આપણે ઘરમાં દાળ વગેરે રસોઈ બનાવીએ છીએ. દાળ બનાવવી, દાળ બનાવવાની ક્રિયા કરવી તે આપણો કર્મયોગ છે. પરંતુ આ દાળ મારા ભગવાન જમવાના છે કે આ દાળ મારો પતિ જમવાનો છે કે મારો પુત્ર જમવાનો છે. મારે ઘેર આવેલા મહેમાન જમવાના છે એવી ભાવનાથી કે ભક્તિભાવથી દાળને સારી કરીને બે-ત્રણ વખત ધોઈ નાંખીએ. તપેલી પણ સારી ઊટકીને સ્વચ્છ કરેલી વાપરીએ, પાણી પણ ચોખ્ખા ગળણાથી ગાળીને વાપરીએ વગેરે. ભગવાન, પતિ, પુત્ર કે મહેમાનને જમાડવાની ભાવનાથી કે ભક્તિભાવથી દાળ બનાવવામાં ખૂબ સ્વચ્છતા સુઘડતા સાચવીએ તે આપણો ભક્તિયોગ છે. અને દાળમાં પ્રમાણસર કેટલું મીઠું નાખવું, કેટલું મરચું, આંબલી, ગોળ વગેરે મસાલો નાખવો. દાળ કેટલી ઉકાળવી તે આપણો જ્ઞાનયોગ છે. આમ કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ ત્રણેયની બરાબર સુમેળ સમન્વય થાય તો જ દાળ બનાવવાના કર્મમાં બરકત આવે નહીં તો ના આવે. એમ તો હોટલો ચટાકેદાર દાળ બનાવે છે. પરંતુ તેમાં માત્ર કર્મયોગ અને જ્ઞાનયોગ હોય છે. પરંતુ ભક્તિયોગ નથી હોતો તેથી તેમાં માખીઓ પણ બાફી મારે છે. દાળ બનાવવાની ક્રિયા કર્મયોગ કરે અને ભગવાન, પતિ પુત્ર કે અતિથિને સ્વચ્છ જમાડવાની ભાવનાથી તેમાં ભક્તિયોગ ભળે પરંતુ જ્ઞાનયોગ ન હોય તો કેટલું મરચું, મીઠું, મસાલો નાખવો તેનું જ્ઞાન ન હોય તો કાં તો દાળ ખારી દવ જેવી કે તીખી લાહ્ય જેવી બને. અગર તો દાળ કેટલી ઉકાળવી તેનું જ્ઞાન-ભાન ન હોય તો દાળમાં ઉપર મસાલો તરતો હોય, વચમાં પાણી ફરતું હોય અને નીચે પૂરી ચડ્યા વગરની હોય તો દાળમાં બરકત ન આવે. આવી રીતે એક દાળ બનાવવાના સાધારણ કર્મમાં પણ જો કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગનો સુમેળ સમન્વય ના હોય તો તે કર્મમાં કશી બરકત આવતી નથી. વહાલા ભક્તો! જીવનના દરેક કર્મમાં પણ જો કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગનો સુમેળ સમન્વય નહી હોય તો જીવન જીવવામાં સુખ શાંતિ અને આનંદ નહી આવે. આપણે નિષ્કામ ભાવથી કર્મ કરીશું તો જીવનમાં ભક્તિ અને જ્ઞાન આપોઆપ વણાઈ જાશે. આપણા ચિત્ત શુદ્ધિનું ફળ અનાયાસે મળી જાશે.

મહાભારતમાં તુલાધાર વૈશ્યની વાત આવે છે. તેની પાસે નીજરી નામનો એક બ્રાહ્મણ જ્ઞાન મેળવવા આવ્યો. ત્યારે તુલાધારે કહ્યું કે ભાઈ મારી પાસે તો એક જ જ્ઞાન છે જે હું મારા ત્રાજવાની દાંડીમાંથી શિખ્યો છું. મારા ત્રાજવાની દાંડી જેમ પક્ષપાત રહિત સ્થિર અને સીધી રહે છે તે પ્રમાણે હું શત્રુ-મિત્ર-સ્વજન-પારકા, તમામ પ્રત્યે

મારા મનને સ્થિર અને નિષ્પક્ષપાતી રાખું છું. ગોરા કુંભારે માટલાં પકવતાં પકવતાં પોતાના જીવનનું માટલું પકવી દીધું. સાવંતા માળીએ બગીચામાં ઊગેલું નિરુપયોગી ઘાસ સાફ કરતાં કરતાં પોતાના જ અંતઃકરણમાં ઊગેલાં કામ, ક્રોધ, રાગ, દ્વેષ વગેરે તથા ઉપદ્રવી વાસનાઓના ઘાસને ઉખાડી નાખ્યાં. આનું નામજ કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગનો સમન્વય.

સમષ્ટિના કલ્યાણ માટે ઈશ્વર પ્રિત્યર્થે જ મારો ભગવાન રાજી થાય એ ભાવથી કરેલું કર્મ, એક નિષ્કામ કર્મ, એક ભક્તિ બની જાય છે. નિષ્કામ ભાવે કરેલું કર્મ આપો આપ ભક્તિમાં પરિણીત થઈ જાય છે. એવો કર્મયોગી ભક્ત ઈન્દ્રિયોથી તેના વિષયો દ્વારા સંસારના પદાર્થોનો ભોગ ભોગવતો હોય ત્યારે તેની તે ભોગો ભોગવવાની પ્રત્યેક ક્રિયા પરમાત્માની પૂજા બની જાય છે.

આ પ્રમાણે કર્મ, ભક્તિ અને જ્ઞાનનો પવિત્ર ત્રિવેણી સંગમ થાય ત્યારે જ અંતઃકરણનું પટ શુધ્ધ થાય અને તેમાં બ્રહ્મનું પ્રતિબિંબ પડે અને આત્મ સાક્ષાત્કાર થાય. ભક્તિમાં ભીંજવ્યા વગરનું કર્મ મિથ્યાચાર બની જાય છે અને ભક્તિની ભીંજાશ વગરનું જ્ઞાન પણ નિરર્થક છે. કર્મ અને જ્ઞાન બંને ભક્તિની ભીંજાશમાં ભીંજાયેલાં ના હોય તો નિરર્થક છે.

●

## સાચા મનની સેવા

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

શ્રીજી મહારાજ ગાડું ભરેલાં ઘઉં સાથે જેતલપુરની શેરીઓમાં ઘરોઘર ફરી રહ્યા હતા. જેતલપુરમાં મહાન યજ્ઞ કરવા માટે અનેક બ્રાહ્મણોને જમાડવા માટે સહું ઘઉં દળીને આપે, તે હેતુથી શ્રીજી મહારાજ દરેક ઘરે શ્રધ્ધા મુજબ ઘઉં દળવા આપતા હતા. સૌ ભાવિક ભક્તોએ આ સેવા પ્રેમપૂર્વક ઉઠાવી લીધી. શ્રીજી મહારાજને તો અસંખ્ય જીવોનું કલ્યાણ કરવું હતું. તેથી ઘણા ભક્તોએ મણથી વધુ ઘઉં દળવા માંગ્યા. છતાં શ્રીજી મહારાજે આપ્યા નહિ.

ફરતાં-ફરતાં શ્રીજી મહારાજ એક બાઈના ઘર પાસે આવ્યા. આ બાઈનાં કામો સારાં ન હતા. આથી લોકો તેને ધુત્કારતા. બાઈ હિંડોળા ખાટ ઉપર આરામ કરતી હતી. અવાજ સાંભળી તે બહાર આવી. ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરતાં વેંત જ તેને અંતરમાં કોઈ અદ્‌ભુત આકર્ષણ થયું. આ આકર્ષણથી ખેંચાઈને પોતાનાં ઘરનાં પગથિયાં ઉપર ઊભા-ઊભા જ તેણે સામે ગાડા ઉપર બિરાજેલાં શ્રીજી મહારાજને પૂછ્યું. આ ઘઉં તમે સૌને દળવા માટે આપો છો ?' શ્રીજી મહારાજે કહ્યું, હા, આનું મહેનતાણું શું આપશો ?' 'અમે પૈસાના રૂપમાં મહેનતાણું આપતા નથી. પણ આ કાર્ય માટે રાજી થઈ આશીર્વાદ આપીએ છીએ.' જો હું દળું તો તમારા આશીર્વાદ મને આપશો ?' 'જરૂર, જો તારા પોતાના હાથે દળીશ તો.' તો મને પણ મારો ભાગ આપો. 'શ્રીજી મહારાજે એક મણ ઘઉં દળવા માટે તે બાઈને આપ્યા. ઘઉં લઈ તે ઘરમાં દાખલ થઈ. સ્નાન કરી શુદ્ધ થઈ તેણે જાતે ઘંટી સાફ કરી, દાસીઓ ખૂબ કહેવા લાગી, 'લાવો અમે દળી દઈએ.' તમે આ કામ કર્યું નથી, તેથી કઠણ પડશે. થાક લાગશે, હાથે ફોલ્લા પડશે.' પણ તે બાઈને શ્રીજી મહારાજને પ્રસન્ન કરવાની લગની લાગી ગઈ હતી. તે દૃઢતાપૂર્વક બોલી, હું મારા હાથે જ ઘઉં દળીશ. પ્રભુએ મને મારા હાથે જ દળવાનું કહ્યું છે.'

સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતી કરતી તે બાઈ દળવા લાગી, એને થાક લાગ્યો. અંગો અંગમાંથી પરસેવો છૂટવા લાગ્યો. પણ તેણે તો એક જ રઢ લીધી હતી કે કાલે સવાર સુધીમાં ઘઉં દળીને પૂરા કરવા છે. જેમ-જેમ ઘઉં દળાતા ગયા તેમ તેમ તેના અંતરનો મેલ દૂર થતો ગયો. આખી રાત અન્નપાણી લીધા વગર તેણે દળ્યા કર્યું. સવારે દળવાનું પુરું થયું. તરત જ સ્નાન કરી. કોઈપણ ઠાઠમાઠ વિના, સાદા વસ્ત્રો ધારણ કરી, લોટનો ટોપલો લઈ, ઉઘાડા પગે ચાલીને તે શ્રીજી મહારાજ પાસે આવી. ઘઉંના લોટનો ટોપલો શ્રીજી મહારાજના ચરણ આગળ મૂક્યોને હાથ જોડી ઊભી રહી, શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા. બાઈએ પૂછ્યું. 'મને આપના આશીર્વાદ મળશે કે નહિ ?' સભાજનો શંકા-કુશંકાઓ કરવા લાગ્યા. 'આ ખરાબ બાઈ છે. હલકાં કર્મ કરે છે તે કોઈ દિવસ જાતે દળે નહિ. કોઈ દાસી પાસે દળાવ્યું હશે, તેને વળી આશીર્વાદ કેવા ? પરંતુ પ્રભુને તો તેના નિર્મળ અંતઃકરણની અને પ્રેમની ઝાંખી સૌને કરાવવી હતી. શ્રીજી મહારાજે પૂછ્યું. 'આ ઘઉં તેં જાતે દળ્યા છે ? 'હા' તે બોલી, 'તારા હાથ બતાવ તો ?'

તેના હાથ ઉપર સખત ફોલ્લાઓ પડી ગયા હતા ? લોહીનાં ટશિયા ફૂટ્યા હતા ? સૌ સભાજનો આ જોઈ સ્તબ્ધ થઈ ગયા. સૌની શંકાનું નિવારણ થઈ ગયું. પછી તે બાઈને આશીર્વાદ આપતાં શ્રીજી મહારાજે કહ્યું, 'જા, મુક્તાનંદ સ્વામી જેવું તારું કલ્યાણ થશે.'

બાઈનો આવો ભક્તિભાવ અને તેનું આવું પરિવર્તન જોઈ સૌને આશ્ચર્ય થયું. સૌને શ્રીજી મહારાજના સંબંધનો પ્રતાપનો મહિમા સમજાયો. પછી તો તે બાઈના આમંત્રણથી શ્રીજી મહારાજ સંતો-હરિભક્તો સાથે તેના મહેલે પધાર્યા. તેનું ઘર પાવન કર્યું અને સૌને જમાડી રાજી કર્યા.

ખરેખર જે સાચા મનથી ભગવાન અને સંતની સેવા કરે છે. તેનાં બધાં જ પાપ પળમાં ધોવાઈ જાય છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** ''ધન્ય ધન્ય બાલકરામ વિપ્રવર, ધન્ય હે ભાગ્યવતી માત હો, તિન કે પુત્ર ભયે મહાસમરથ, ધર્મદેવ સાક્ષાત હો.....'' આ કીર્તનના રચયિતા કોણ છે ?

**પ્ર. ૨** ''માંદા સાધુની સેવા કરવી ને કૃતઘ્નીના સંગનો ત્યાગ કરવો ને જેણે પાપનું પ્રાયશ્ચિત કર્યું હોય તેને પાપી ન કહેવો.'' શ્રીજી મહારાજે આ વાત ક્યા વચનામૃતમાં કહી છે ?

**પ્ર. ૩** શ્રીજી મહારાજ માણસા પધાર્યા ત્યારે વનમાળી ભક્ત મહારાજની પૂજા કરવા આવ્યા પણ પોતે વામન હતા એટલે પહોંચી શક્યા નહિ ત્યારે મહારાજે શું કર્યું ?

**પ્ર. ૪** શ્રીહરિ વાસણીયા મહાદેવ પધાર્યા ત્યારે રામદાસ પટેલે આવીને પોતાના ગામમાં આનંદ-ઉલ્લાસથી લઈ આવ્યાને ભવ્ય સ્વાગત કર્યું તે ગામ ક્યું હતું ?

**પ્ર. ૫** શ્રીજી મહારાજ માનસપુર ગામમાં કેટલી વાર પધાર્યા છે ?

**પ્ર. ૬** લગારેક ક્રોધ ચઢે તેને ટાળી નાંખે તે નડતર કરે કે ન કરે ?

**પ્ર. ૭** શંકર શબ્દનો શો અર્થ છે ? વચનામૃતના આધારે

## એપ્રિલ૨૦૧૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** એની બુદ્ધિ શ્રાપિત છે માટે અવગુણ આવે છે. **(૨)** શ્રી મયારામ ભટ્ટનો. **(૩)** કર્મ અમૂર્ત છે ને તેનું ફળ મૂર્તમાન છે ને કર્મને મૂર્તિમાન કહે છે તે નાસ્તિક છે. **(૪)** સત્સંગીઓએ કોઈ પણ જીવ-પ્રાણી માત્રની હિંસા ન કરવી. **(૫)** સંવત - ૧૮૬૧ મહાસુદી-૧૧. **(૬)** ગ.પ્ર.પ્ર. ૪૦. **(૭)** સ.ગુ. મુક્તાનંદ સ્વામી.

૧ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૩ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૪ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૫ હડિયલ અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ (ખસ)
૬ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણા)
૭ બ્રહ્મક્ષત્રિય મહેશભાઈ ભગવાનદાસ (રાણીપ)
૮ ધરમશીભાઈ નરસીભાઈ (મેમનગર)
૯ સાં.યો. ભારતીબા, મંજુબા (સ્વા. મંદિર હવેલી)
૧૦ સાં.યો. હીરાબા, કંચનબા, ભગવતીબા (ઉંઝા
૧૧ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૧૨ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૧૩ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૪ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૫ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૬ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૭ ઝોલાપરા શોભના કિશોરભાઈ
૧૮ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૯ શ્રી નરનારાયણ યુવક મંડળ (સ્વા. મંદિર હર્ષદ બાપુનગર)
૨૦ ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૨૧ ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૨૨ સાધુ પ્રેમપ્રકાશદાસ ગુરુ સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર)
૨૩ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૨૪ સુભદ્રાબેન રમેશભાઈ (કુંડાળ)
૨૫ પટેલ સુમિત્રાબેન અમૃતલાલ (કુંડાળ)
૨૬ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૨૭ સી.પી. સ્વામી (માણસા)
૨૮ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૨૯ સાં.યો. કંચનબા, કુંદનબા (મેડા)
૩૦ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૩૧ પટેલ હેતલબેન (ન્યુ રાણીપ)
૩૨ પટેલ સરોજબેન માધવલાલ (મારુસણા)
૩૩ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૩૪ સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા. મંદિર વિરાટનગર)
૩૫ પટેલ કિંજલબેન પરેશભાઈ (આનંદપુરા)
૩૬ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૩૭ પટેલ રક્ષા ભરતભાઈ (નિર્ણયનગર)
૩૮ પટેલ ધર્મિષ્ઠાબેન ભરતભાઈ (મારુસણા)
૩૯ સાં.યો. કંચનબા, કુંદનબા (મેડા)
૪૦ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૪૧ પટેલ શારદાબેન કાન્તિભાઈ (નાંદોલ)
૪૨ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૪૩ સાં.યો. સ્વામિનારાયણ મદિર જુનું બહેનોનું (મોરબી)
૪૪ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૪૫ પટેલ દિપીકા હિતેન્દ્રકુમાર (લુણાવાડા)
૪૬ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૪૭ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૪૮ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૪૯ પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૫૦ પોરીયા જ્યોતિકા જગદીશચંદ્ર (લુણાવાડા)
૫૧ કાછિયા વાસુદેવ હરિપ્રસાદ (લુણાવાડા)
૫૨ પટેલ વિષ્ણુભાઈ શીવાભાઈ (સીતાપુર)
૫૩ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૫૪ સ્વામી ધર્મકિશોરદાસજી (સ્વા. મંદિર એપ્રોચ)
૫૫ ચોકસી ઈલાબેન નરેન્દ્રભાઈ (દરિયાપુર)
૫૬ સોલંકી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૫૭ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળીદેશ)
૫૮ મોદી મહેન્દ્રકુમાર ગોરધનદાસ (સોજા)
૫૯ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૬૦ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાલ)
૬૧ પટેલ મીનાબેન કમલેશકુમાર (કુહા)
૬૨ પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૬૩ ભોરણીયા રૂપજીભાઈ ડી. (જૂના દેવળીયા)
૬૪ પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૬૫ સોની વર્ષાબેન અરવિંદભાઈ
૬૬ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૬૭ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૬૮ સોની મીનાબેન મહેન્દ્રભાઈ (નરોડા)

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં રામનવમીના શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ઉજવાયો

ચૈત્ર સુદ-૯ના શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં સવારે ૬-૩૦ થી ૭-૦૦ દરમ્યાન અક્ષર ભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર પૂર્વક સંપન્ન થયો હતો. બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી રામ જન્મોત્સવની આરતી વિધિવત રીતે થઈ હતી. આજે શહેર અને ગામો ગામથી હરિભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન મંદિરમાં વિશાળ ચોકમાં શણગારેલા શમિયાણામાં સુંદર કીર્તન ભક્તિ, ગરબા-રાસ થયા હતા. આપણા સુપ્રસિદ્ધ ગાયક કલાકારશ્રી જયેશભાઈ સોની અને તેમની ટીમે નંદ સંતો રચિત કીર્તનો-રાસ-ગરબા ગાયા હતા. આ પ્રસંગ દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા અને સભામાં બિરાજમાન થઈ કીર્તન ભક્તિનો આનંદ માણ્યો હતો. રાત્રે ૧૦-૧૦ મિનિટે સર્વોપરિ શ્રી બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની પ્રાકટ્યોત્સવની આરતી ઉતારીને સમગ્ર સંત-હરિભક્તોને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. સમગ્ર પ્રસંગમાં પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી, રામ સ્વામી આદિ સંત પાર્ષદ મંડળે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. (શા. મુનિ સ્વામી)

### ઘાટલોડિયા મંદિરનો ૭ મો પાટોત્સવ

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયાનો ૭ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી, પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં તા. ૧૦-૩-૧૪ ના રોજ ભવ્યતાથી ઉજવાયો.

ગં.સ્વ. જીવતીબેન નારણભાઈ પટેલ હ. પ્રવિણભાઈ તથા પરિવારે પાટોત્સવના યજમાન બની અલૌકિક લાભ લીધો. પાટોત્સવના શુભ દિને ભૂદેવો દ્વારા યજમાનશ્રીએ ઠાકોરજીની પૂજા-અભિષેકનો લ્હાવો લીધો હતો. પ્રાસંગિક સભામાં યુવાનો દ્વારા ધૂન-કીર્તન ભક્તિ કરવામાં આવી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી યજમાનશ્રીના નિવાસ સ્થાને પધરામણી કરીને સભામાં બિરાજમાન થયા હતા. યજમાન પરિવારોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કર્યું હતું અને આરતી બાદ ટ્રસ્ટીઓ, અગ્રગણ્ય હરિભક્તો આદિ સૌએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું હાર પહેરાવી સ્વાગત પૂજન કર્યું હતું. પધારેલા સંતોમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, રઘુવીર સ્વામી, શા. પી.પી. સ્વામી, જગદીશ સ્વામી, કૃષ્ણપ્રસાદ સ્વામી અને શા.રામ સ્વામી આદિ સંતોની પ્રેરક અમૃતવાણી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સમગ્ર સભાનું સંચાલન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શોભાવ્યું હતું. (કોઠારીશ્રી સોમભાઈ તથા પ્રવિણભાઈ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર સોલા રોડ ભવ્ય સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. સંતોની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૯-૩-૧૪ ના રોજ સોલા રોડ ખાતે સંતોની ઉપસ્થિતિમાં ભવ્ય સત્સંગ સભા થઈ હતી.

જેમાં સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, સ.ગુ. શા. નારાયણમુનિદાસજી આદિ સંતોએ સર્વોપરિ શ્રીહરિનું મહિમા માહાત્મય દ્રષ્ટાંત સાથે કહ્યું હતું. આગામી શ્રી નરનારાયણદેવ મહોત્સવની જાહેરાત કરીને મહોત્સવના ઉપલક્ષમાં થનારા આધ્યાત્મિક અને સામાજીક કાર્યોમાં સૌ ભક્તોએ તન, મન અને ધનથી સેવામાં જોડાવા હાકલ કરી હતી. તા. ૨૩-૩-૧૪ ના નિજ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે યજમાનશ્રીઓ માટે ઉછવણી રાખેલ જેમાં અનેક ભક્તોએ સેવાનો લાભ લીધો હતો.

ખાસ નોંધ : દરમાસે આયોજીત સભામાં સોલા વિસ્તારના ભક્તોએ સવિશેષ લાભ લેવો.

(સમસ્ત સત્સંગ સમાજ સોલા રોડ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના શુભ આશીર્વાદથી કાંકરિયા ખાતે છેલ્લા પાંચ વર્ષથી દર હરિનોમના જેતલપુરથી સાંખ્યયોગી નર્મદાબા અત્રેના બહેનો કથાવાર્તાનો લાભ આપવા પધારે છે.

મીના બેન ધીરજભાઈ ઠક્કર અને વર્ષાબેન નટવરલાલ કોટકના માતુશ્રી હંસાબેનના સ્મરણાર્થે તા. ૭-૪-૧૪ થી તા. ૧૧-૪-૧૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિ ભૂષણ કથા સાં. નર્મદાબાના વક્તા પદે થઈ હતી. કાંકરિયાના બન્ને મહંત સ્વામીએ સુંદર સાથ સહકાર આપ્યો હતો. અત્રેના મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

કથાના પ્રથમ દિને અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી અને તા. ૯-૪-૧૩ ના પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારી દર્શન-આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા.

(કાંકરિયા મહિલા મંડળ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી. ટેકનિકલ રોડ) ઘાટલોડિયા તૃતિય પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તા. ૨૩-૩-૧૪ રવિવારના રોજશ્રી સ્વામિનારાયણ મંદિર (આર.સી. ટેક.) ઘાટલોડિયાનો તૃતિય પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે શ્રી કલ્પેશભાઈ કે. પટેલ પાટોત્સવના મુખ્ય યજમાન, ધજાના યજમાનશ્રી દિલીપભાઈ પટેલ અને મહાપૂજાના યજમાન શ્રી પ્રવિણભાઈ પી. પટેલ રહ્યાં હતાં.

મહાપૂજા શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી અને શા. દિવ્યપ્રકાશ

સ્વામીએ કરાવી હતી. અન્નકૂટ આરતીના યજમાન મુકેશભાઈ રહ્યાં હતા. પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, મહંત શા.સ્વા. પી.પી. સ્વામી, મહંત શા. સ્વા. હરિૐપ્રકાશદાસજી આદિ સંતોએ પ્રેરક અમૃત વાણીનો લાભ આપેલ. શા.સ્વામી પી.પી. સ્વામી ની પ્રેરણા માર્ગદર્શનથી આ વિસ્તારમાં આગામી તા. ૧૫-૫-૧૪ થી તા. ૧૯-૫-૧૪ સુધી શ્રીમદ્ ભાગવત પંચાન્હ રાત્રી પારાયણ સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે થશે. આ વિસ્તારના સર્વે હરિભક્તોને લાભ લેવા અનુરોધ છે.

સંપર્ક : રમેશભાઈ પટેલ ૯૫૮૯૪૨૨૯૦૧

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સૂરજ (કડી) ગામે સત્સંગ સભા**

શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પધરાવેલ શ્રી નરનારાયણદેવના આંગણે ભવ્ય શ્રી નરનારાયણદેવ મહોત્સવ આવી રહ્યો છે. જેના ઉપલક્ષમાં ગામો ગામ સંતો દ્વારા સત્સંગ સભાનું આયોજન થઈ રહ્યું છે. સૂરજ ગામે ઠાકોરજી સાથે રાત્રે ૯ થી ૧૨ સંતો દ્વારા સત્સંગ થયો હતો. જેમાં બિલોદરા (માણસા)થી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કીર્તન ભક્તિ થઈ હતી. સંતોમાં પૂ. શા.પી.પી. સ્વામી (નારણઘાટ), શા. રામકૃષ્ણદાસજી, શા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વરે) આદિ સંતોએ અત્રેના દરબારી ભક્તોને કથા વાર્તા અને કીર્તન ભક્તિ કરી સુંદર લાભ આપેલ. શ્રી નટવરસિંહે યજમાન બનીને નાસ્તા રૂપી પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી.

(કોઠારી ભીખાજી બિલોદરા)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં ચાંદખેડા જનતા નગરમાં ૨૫૧ મિનિટની ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અમારા વિસ્તાર જનતા નગર ચાંદખેડામાં શ્રી નરનારાયણદેવ પાટોત્સવના ઉપલક્ષમાં સૌ ભક્તોએ સાથે મળી ૨૫૧ મિનિટની મહામંત્ર ધૂન ઘરોઘર આયોજન કરી કરી હતી. જેમાં સંતોએ પધારી કથા વાર્તાનો લાભ આપેલ. તા. ૧૮-૪-૧૪ ના રોજ પ.ભ. ભીખાભાઈ પ્રજાપતિના ઘરે મહામંત્ર ધૂન યોજી હતી. સમાપ્તિ પ્રસંગે નારણઘાટથી મહંત શા. પી.પી. સ્વામી, શા. દિવ્યપ્રકાશદાસજી આદિ સંતોએ ઠાકોરજીની આરતી ઉતારીને સૌ ભક્તોને કથા વાર્તા કરીને સુંદર લાભ આપેલ.

(વિષ્ણુભાઈ પટેલ ચાંદખેડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજના ૫૪ માં પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૩૧-૩-૧૪ થી તા. ૪-૪-૧૪ પર્યન્ત શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર પંચાન્હ પારાયણ સ.ગુ. શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજીના (વાંકાનેર) વક્તાપદે થઈ હતી. તા. ૪-૪-૧૪ના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને કથાના યજમાન પ.ભ. રમણલાલ માણેકલાલ ભાવસાર પરિવાર તથા સભાને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. અત્રે શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં ચાલતી ક્રમશઃ બીજી સત્સંગ સભા તા. ૨૯-૨-૧૪ ના રોજ થઈ હતી. જેમાં શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીએ કથા વાર્તાનો લાભ આપેલ. યુવક મંડળે કીર્તન ભક્તિ કરી હતી. સંધ્યા આરતીમાં ૫૦૦ ભક્તો જોડાયા હતા. બહેનોએ સુંદર સેવા બજાવી હતી.

(કોઠારીશ્રી, નવા વાડજ)

**શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળ કાલુપુર**

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળ અમદાવાદના બાળકોને તા. ૨૦-૪-૧૪ ના રોજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શન કરાવવામાં આવેલ. બાળ મિત્રોએ ઉત્સૂકતાપૂર્વક પ્રશ્નો પૂછ્યા અને શ્રીહરિએ ઉપયોગમાં લીધેલ પ્રસાદીના અલૌકિક વસ્તુઓના દર્શન કરી ધન્ય બન્યા હતા. સૌ બાળકોએ તેમના સ્વજનો, વડીલો, મિત્રો અને પરિવારને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શન માટે આગ્રહ કરી લાવવા દ્રઢ પ્રતિજ્ઞા લીધી હતી.

(ગોપાલભાઈ મોદી)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં રિદ્રોલ ગામે ભવ્ય સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ્રસાદીભૂત રિદ્રોલ ગામે એકાદશીના તા. ૧૧-૪-૧૪ ના સુંદર સભામાં કોટેશ્વર ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા કીર્તન ભક્તિ અને શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી દ્વારા કથાવાર્તા થઈ હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. છેલ્લે સૌએ સમૂહ પ્રસાદ લીધો હતો.

(પૂજારીશ્રી રિદ્રોલ)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં બિલોદરા ગામે સમૂહ મહાપૂજા અને રામનવમીની ઉજવણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સંતોની પ્રેરણાથી બિલોદરા ગામે શ્રીહરિ પ્રાકટ્યોત્સવ રામનવમીના બિલોદરા ગામે સમૂહ મહાપૂજા, શોભાયાત્રા અને શ્રી ઘનશ્યામ પ્રાકટ્યોત્સવ વિધિવત રીતે ઉજવાયા. નવનિર્મિત નૂતન મંદિરમાં ૩૦ જેટલા ભક્તોએ મહાપૂજામાં બેસી લાભ લીધો. મહાપૂજા શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કરાવી હતી. ઠાકોરજીની શોભાયાત્રા ગામમાં ધામધૂમથી નીકળી હતી. પ્રાકટ્યોત્સવ આરતી શા. પી.પી. સ્વામી (નારણઘાટ) આદિ સંતો દ્વારા ધામધૂમથી થઈ હતી. ભવ્ય રાસોત્સવ અને કીર્તન ભક્તિ થઈ હતી. શ્રી નરનારયણદેવ યુવક મંડળે સુંદર સેવા કરી હતી.

(કોઠારીશ્રી)

**હિરાવાડીમાં શ્રીહરિ પ્રાકટ્યોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી હિરાવાડી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા રામનવમીના શ્રી બાલ ઘનશ્યામ પ્રાકટ્યોત્સવની સુંદર ઉજવણી કરી હતી. જેમાં શ્રી દિલીપભાઈ અને રમેશભાઈએ યજમાનનો લાભ લીધો હતો. અમદાવાદ મંદિરથી શા. માધવદાસ, ધર્મજીવન સ્વામી અને ચંદ્રપ્રકાશ સ્વામીએ કથા કરીને હરિભક્તો સાથે પ્રાકટ્યોત્સવ ઉજવ્યો હતો.

(પટેલ પ્રવિણભાઈ)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં બાપુનગરમાં અઠવાડિક સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં અત્રે તા. ૨૨-૩-૧૪ થી દર શનિવારે રાત્રે સંતો દ્વારા સભા થાય છે. પ્રથમ સભા હર્ષદ કોલોની ૨-૩-૪ એપ્રોચ મંદિર અને ૫ મી કર્મ શક્તિ મંદિર થઈ હતી. આ વિસ્તારના ઘણા હરિભક્તોએ કથાવાર્તાનો સભામાં લાભ લીધો હતો.

તા. ૧૫-૩-૧૪ ના જેતલપુર અને તા. ૩-૪-૧૪ ના કાલુપુર મંદિર પદયાત્રા યોજી હતી. એપ્રોચ મંદિરના દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ૨૬-૨-૧૫ સુધી અઠવાકિ સભા ચાલુ રહેશે. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (શ્રીનગર) સમૂહ મહાપૂજા અને ૩૫ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી કલોલ (શ્રીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર તા. ૨૭-૨-૧૪ ના સમૂહ મહાપૂજા યોજવામાં આવી હતી. જેના યજમાન પ.ભ. નારણભાઈ હરગોવનદાસ પટેલ રહ્યાં હતા. મહાપૂજા શા. ચૈતન્યસ્વરૂપદાસજી અને શા. દિવ્યપ્રકાશદાસે કરાવી હતી. ૨૫૦ ભક્તોએ લાભ લીધો હતો.

તા. ૨૮-૨-૧૪ ના ૩૫ મો પાટોત્સવ ઉપરોક્ત હરિભક્તોના યજમાનપદે ઉજવાયો. ઠાકોરજીનો અભિષેક-પૂજા વિધિવત રીતે થઈ હતી. આ પ્રસંગે સ.ગુ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, મહંત શા. પી.પી. સ્વામી આદિ સંતોએ કથા વાર્તાનો લાભ આપેલ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બહેનોએ સુંદર સેવા કરી હતી. શા. ચૈતન્યસ્વરૂપ સ્વામીએ સમગ્ર આયોજન કર્યું હતું.

(કોઠારીશ્રી, શ્રીનગર મંદિર)

**ટાંકીયા ગામે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ટાંકીયા ગામે તા. ૨૨-૪-૧૪ ના માધવ સ્વામી (સિધ્ધપુર)એ હરિભક્તોને સભામાં કથા વાર્તાનો લાભ આપી રાજી કર્યા હતા. (મહેન્દ્રસિંહ)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં શ્રીસ્વામિનારાયણ મંદિર પોરમાં વચનામૃત પંચ દિનાત્મક રાત્રીય કથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજીની શુભ પ્રેરણાથી પ.ભ. હરિભાઈ પ્રાણભાઈ પટેલ તથા મંગુબેન હરિભાઈ પટેલના યજમાન પદે પોર ગામે તા. ૨૬-૨-૧૪ થી તા. ૨-૩-૧૪ પર્યન્ત શ્રી વચનામૃત પંચદિનાત્મક રાત્રીય પારાયણ શા. સ્વા. રામકૃષ્ણદાસજીના વક્તાપદે થઈ હતી. સમગ્ર પ્રસંગના માર્ગદર્શક સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી તથા શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) રહ્યાં હતા. સમસ્ત ગામે કથાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ પોર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિરાટનગર (બહેનોનું) ૪૦ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તા. ૨૦-૪-૧૪ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વિરાટનગર મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. યજમાન પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. એપ્રોચ મંદિરના સંતોએ કથા વાર્તા કરી હતી. (નાનીબેન)

**કર્મશક્તિપાર્ક મંદિરનો ૧૬ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તથા મહંત શા. પી.પી. સ્વામી (નારણઘાટ)ના માર્ગદર્શનથી તા. ૨૦-૪-૧૪ ના અત્રે મંદિરનો ૧૬ મો પાટોત્સવ ઉજવાયો. આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૯-૪-૧૪ ના રોજ રાત્રી સભા થઈ હતી. જેમાં કીર્તન ભક્તિ અને કથા થઈ હતી. કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી અને એપ્રોચ અને કોટેશ્વર ગુરુકુળના સંતોએ લાભ આપેલ.

સવારમાં ધૂન બાદ સભામાં શા. ચૈતન્યસ્વરૂપદાસજી અને શા. દિવ્યપ્રકાશદાસે કથાનો લાભ આપેલ.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યુવક મંડળની સેવા સુંદર હતી. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (ઈડર દેશ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત સ્વામી ઘનશ્યામજીવનદાસજીની પ્રેરણાથી અને સ્વા. વિશ્વપ્રકાશદાસજી અને સ્વામી બાળકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ફાગણ વદ-૧ ના ફુલદોલોત્સવ અને ચૈત્ર સુદ-૯ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયા. જેમાં મહાપૂજા, અખંડ ધૂન, કીર્તન ભક્તિ અને કથાવાર્તાનો હરિભક્તોએ લાભ લીધો હતો. (ભૂમિત પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુકડીયા (ઈડર દેશ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી ડૉ. બાબુભાઈ ભાવસારના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર કુકડીયાનો ૩૧ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. ઈડર-હિંમતનગર ટોરડા અને સોકલીના સંતોએ પધારી લાભ આપેલ. ઈડર મંદિરના સત્યસંકલ્પ સ્વામી અને પ્રેમપ્રકાશદાસે (સભા સંચાલન) સુંદર સેવા બજાવી હતી.

(કોઠારીશ્રી કુકડીયા)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં શ્રીસ્વામિનારાયણ મંદિર સાપાવાડમાં અખંડ ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સ્વામી નંદકિશોરદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા ખાતે શ્રી નરનારાયણદેવ પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૪-૪-૧૪ ના રોજ રવિવાર સાંજે ૪ થી ૮ સુધી સર્વે હરિભક્તો

અને ભક્તિ મંડળના બહેનોએ સાથે મળી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન ૪ કલાક સુધી અખંડ કરી હતી. પૂર્ણાહુતિ બાદ ઠાકોરજીની આરતી અને નિયમ બાદ સૌને પ્રસાદ જમાડવામાં આવેલ. (પટેલ મૂળજીભાઈ, ડૉ. હરિકૃષ્ણભાઈ)

**ખેરોલ (પ્રાંતિજ દેશ)માં શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ સભા**

અત્રે ખેરોલ ગામે તા. ૫-૪-૧૪ ના રોજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં રાત્રે ૮ થી ૧૦ સુંદર સત્સંગ સભા માં નારાયણઘાટથી શા. પી.પી. સ્વામી, શા. રામ સ્વામી, શા. અભય સ્વામી આદિ સંત મંડળે દેવ અને ધર્મકુળનું માહાત્મ્ય કથામાં કહ્યું હતું. હરિભક્તો ખૂબ રાજી થયા હતા. (રસિકભાઈ પટેલ)

**માધવગઢમાં સત્સંગ સભા**

તા. ૬-૪-૧૪ ના રોજ માધવ ગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સુંદર સત્સંગ સભામાં કોટેશ્વર ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા કીર્તન ભક્તિ અને શા. રામ સ્વામી અને શા. અભય સ્વામીએ કથા વાર્તાનો લાભ આપેલ. મહંત શા. પી.પી. સ્વામીએ સભા સંચાલન કર્યું હતું. ગામના તમામ હરિભક્તોએ સભાનો લાભ લઈ ઉત્સવમાં તન, મન અને ધનથી સેવા કરવા પ્રેરાયા હતા. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાણંદમાં તા. ૮-૪-૧૪ ના રોજ સમૂહ મહાપૂજા યોજી હતી. હરિભક્તોએ સજોડે લાભ લીધો હતો. રાત્રે ૧૦-૧૦ ઘડીએ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ આરતી બાદ વાઘેલા વિક્રમસિંહ ગુલાબસિંહ તરફથી સૌને ફળાહાર કરાવેલ. (જે. ડી. ઠક્કર)

**મહેસાણા ગામે કશળીબાઈ ના ઘરે ચરણાર્વિંદ નો ચતૃર્થ સ્થાપના દિન ઉજવાયો**

